# ધન્યો ગૃહસ્થાશ્રમઃ ।

યાને

## મહા સતી અનસૂયા માહાત્મ્ય

(અનસૂયા બાવની તથા એની સમજ, કર્દમ-દેવહૂતિ આખ્યાન, કપિલ ગીતા, દત્તબાવની સહિત)

મહા સતી અનસૂયાજી




શ્રી દત્ત ભગવાનનાં માતૃશ્રી




લેખક : સંપાદક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# વીણેલાં મોતી

- શરીરથી અને મનથી બ્રહ્મચર્યનું પાલન કરવું એ મોટો યજ્ઞ છે.
- મોહનો ક્ષય એટલે જ મોક્ષ
- ચિત્ત શુદ્ધ થયા પછી યોગ સિદ્ધ થાય છે.
- પ્રાપ્ત સ્થિતિમાં અસંતોષ એ જ હિરણ્યાક્ષ છે.
- લક્ષ્મી ઉપભોગ માટે નથી, ઉપયોગ માટે છે.
- સંયમ-વિના જ્ઞાન સ્થિર થતું નથી.
- જ્ઞાનમાર્ગમાં ક્રોધ વિનાશ કરે છે.
- જ્ઞાન મેળવવું કઠીન છે પણ ટકાવવું વધારે કઠીન છે.
- યમુનાજી ભક્તિ છે, સરસ્વતી કર્મ છે અને એ બેનો સંગમ તે પ્રયાગ છે.
- પુરુષને પાપ કરતાં અટકાવે તે સાચી સ્ત્રી
- જેને જ્ઞાન ન પચે તે જ કપટ કરે છે.
- મન, કર્મ અને વાણી જેની એક તે જ સાચો જ્ઞાની
- સ્ત્રીમાં સ્નેહ છે, પુરુષમાં વિવેક છે.
- સંસારમાં સુગ આવે અને પ્રભુમાં પ્રેમજાગે તે કથાનું ફળ છે.
- લગ્ન એ ધર્મસંસ્કાર છે.
- લગ્નના હેતુ ત્રણ : ધર્મ, રતિ અને સંતાન પ્રાપ્તિ.
- ભોગથી શાન્તિ મળતી નથી, શાન્તિ ત્યાગથી મળે છે.
- આનંદ એ પરમાત્માનું મંગલ સ્વરૂપ છે.
- આનંદનો વિરોધી શબ્દ નથી.
- સુખ-દુ:ખ મનના અને ભૂખ-તરસ પ્રાણના ધર્મો છે.
- આનંદપૂર્વક દુ:ખને સહન કરવું એ જ તિતિક્ષા છે.

**લેખક-સંપાદકઃ** પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
મો. ૦૯૮૨૪૫ ૦૪૨૦૬

**પ્રકાશક** : પ્રેમજયંતી સમિતિ

**ગ્રાફિક્સ** : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

**મુદ્રક** : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

**આવૃત્તિ** : પ્રથમ
શ્રાવણ વદ પાંચમ, ૨૦૬૫
મંગળવાર, તા. ૧૧મી ઓગષ્ટ,૨૦૦૯

**પ.પ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજની ૧૫૬મી જન્મજયંતી**

**પ્રત** : ૧૦૦૦

**દસ રૂપિયા**

# આવકાર

પ.પ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજે ગુજરાતમાં દત્તભક્તિના બીજ વાવ્યા. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે દત્તભક્તિના આ બીજને એકનિષ્ઠા અને સાચી પરંપરાના ખાતર-પાણી સિંચીને દત્ત ભક્તિના વન-ઉપવન સર્જી દીધા છે. આવા ભગવાન દત્તાત્રેયના માતા મહાસતી અનસૂયાનો આશ્રમ ગુજરાતમાં રેવા-એરંડીના સંગમ પર આવેલો છે.

માતા અનસૂયાનો સતીત્વનો મહિમા ગાતી વિષ્ણુ પ્રસાદ જોષી રચિત 'અનસૂયાબાવની'માં સિદ્ધપુરના ગાયત્રીના મહાઉપસક પ.પૂ. દેવશંકર બાપાને અથાગ વિશ્વાસ હતો તેને પરિણામે તેઓ ગૃહસ્થધર્મી સ્ત્રીઓને આધિ-વ્યાધિ-ઉપાધિ-માંથી મુક્ત થવા અને ગૃહસ્થાશ્રમને ધન્ય કરવા આ અનસૂયાબાવનીનો પાઠ કરવા જણાવતા. બાવન રવિવારે નિર્જળા ઉપવાસ કરી દરેક રવિવારે બાવનવાર પાઠ કરવાનુ અનુષ્ઠાન સૂચવતા.

દેવશંકર બાપા પ્રત્યેની મારા મામા મુ. બાલગોપાલને અનસૂયાબાવનીની વિગતે સમજ આપતું પુસ્તક પ્રકાશિત કરવાની ખૂબ જ ઇચ્છા હતી. એમના લાંબા સમયના આ તલસાટને સંતોષતા આ પુસ્તકને આવકારતા હું આનંદ અનુભવું છું. એમણે મુ. કુલીનભાઈમાં મૂકેલાં વિશ્વાસને શ્રી કુલીનભાઈએ પૂરતો ન્યાય આપ્યો છે. હું આ માટે મુ. કુલીનભાઈનો આભાર માનું છું.

પૂ. મામાએ આવકાર લખવાના કરેલા આગ્રહને આવકારું છું અને આવી સુંદર તક આપવા બદલ હું એમનો ઋણી છું.

અનસૂયા માતાની, દત્ત ભગવાનની, પૂ. સ્વામિમહારાજની, પૂ. બાપજીની તથા પૂ. દેવશંકર બાપાની બધા ઉપર આશિષ-અમીવર્ષા થતી રહો એ જ પ્રાર્થના.

દત્તબાવનીના અમૃત વર્ષમાં અનસૂયાબાવની અંગે થતું આ પ્રકાશન ગુરુમહારાજની અલૌકિક લીલાનો જ સંકેત છે.

ગુરુમહારાજના ચરણકમળમાં અનેકાનેક વંદન કરી વિરમું છું.

લિ.

અમદાવાદ **ડૉ. ઇન્દુભાઇ દવે**

## સ્વાન્તઃ સુખાય... (સંપાદકનું નિવેદન)

ભગવાનનું ધાર્યું જ થાય છે એ સૂત્રને ચરિતાર્થ કરતું આ પુસ્તક-પ્રકાશન છે. ડૉ. ઇન્દુભાઈના મામાના હૈયે એવો ભાવ જાગ્યો કે ગૃહસ્થાશ્રમને-દામ્પત્ય જીવનને મધુરું બનાવે એવું એક પુસ્તક પ્રકાશિત કરવું.

સિદ્ધપુરના ગાયત્રી ઉપાસક મહાન સંત પૂ.શ્રી દેવશંકર બાપા બહેનોને અનસૂયાબાવની આપતાં અને રવિવારનું વ્રત કરવાનું સૂચવતાં. સંસ્કૃતિને અને ઘરને જાળવવા માટે સ્ત્રી સમર્થ છે અને એ જો સંસ્કારી હોય તો ઘરને અને વરને બંનેને જાળવે.

આપણા સમાજમાંથી સંયુક્ત કુટુંબો વિદાય થવા લાગ્યા. વિભક્ત કુટુંબમાં પણ પ્રસન્નતાનું વાતાવરણ હોય જ એવું કહી શકાય એમ રહ્યું નથી. આવા વાતાવરણમાં અનસૂયાબાવની એ ડહોળાયેલા પાણીમાં મૂકેલી ફટકડી સમાન છે. અનસૂયાબાવનીનું વ્રત કરનારી બેન, બાપાના આશીર્વાદથી અને ભાગવત્પ્રસાદથી ઘરને મઠારે અને ઘરનાને ઠારે એવા આશયથી અનસૂયાજીનું વિગતે ચરિત્ર લખવાનું મામાએ સૂચન કર્યું. પતિવ્રતા સ્ત્રીના સામર્થ્યની વાત વાંચીને દરેક સ્ત્રીને અનસૂયા જેવું જીવવાનું ગમે એ સ્વાભાવિક છે.

અનસૂયાબાવનીના દર રવિવારે બાવનવાર પાઠ કરવાથી મન પર સંસ્કાર પડે અને એ વર્તનમાં પ્રતિબિંબિત થાય એવા

આશયથી કરેલું આ પ્રકાશન બધાને ગમશે એવી શ્રદ્ધા છે.

મૂળ તિલકવાડાના અને હાલ વડોદરામાં રહેતા કથાકાર શ્રી કિરિટભાઈ પાઠકે ગોવિંદ શર્માની વિગતો મેળવી આપી તે માટે હું તેમનો આભારી છું.

વાચક મિત્રોના સૂચનો આવકારું છું.

લિ.


અમદાવાદ -**પ્રા. કુલીન ઉપાધ્યાય**

# મહા સતી અનસૂયાજી




## શ્રી દત્ત ભગવાનનાં માતૃશ્રી


કર્દમ તનયા અત્રિની જાયા દત્તપ્રભુની માત,
મહાસતી અનસૂયા ધન્ય ધન્ય વરજાત.



પ. પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ


જ્ઞાને શિવઃ સ્વયં યોગી ગામ્ભીર્યે યાદસાં પતિઃ ।
પર્જન્યશ્ચ દયાયાં યો વાસુદેવ નમોઽસ્તુ તે ॥

યત્ પાદપાંસુના જાતં ગરુડેશ્વરમીતિહ્યત્ ।
ભૂવૈકુંઠં સમાખ્યાતં વાસુદેવ નમોઽસ્તુ તે ॥



## મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્ય ભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોડસ્મિ નિત્યમ્ ।।



# પ. પૂ. બ્રહ્મલીન દેવશંકર બાપા

સિદ્ધપુર

ગાયત્રીના મહા ઉપાસક શાંતમૂર્તિ પ્રેમાળ,
ભક્તિભાવથી ભર્યું હૃદય ને ભક્તોના રખેવાળ.

# સર્વેઽત્ર સુખિનઃ સન્તુ ।

બધા સુખી થાય એવી શુભ ભાવનાથી આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. સજ્જનો અને સંતો 'પરાનુગ્રહકાંક્ષયા' 'બીજાનું ભલું કરવાની ઈચ્છાથી' પ્રવૃત્તિ કરતા હોય છે. બીજાના દુઃખે દુઃખી થનારા સજ્જનો-સંતો માખણ કરતાં પણ વધુ કોમળ હોય છે કારણકે માખણ તો પોતાને તાપ લાગે ત્યારે પીગળે છે જ્યારે સજ્જનો તો બીજાના તાપે-સંતાપે પીગળે છે.

જીવ એ સ્વયં આનંદસ્વરૂપ હોવા છતાં અવિદ્યાને-અજ્ઞાનને-કારણે દુઃખી થઈ બીજેથી સુખ શોધવાનો પ્રયત્ન કરે છે. પદાર્થમાંથી-વિષયોમાંથી-મળતું સુખ એ સુખનો આભાસ માત્ર છે, સાચું સુખ નથી. એ નિત્ય-કાયમી-નથી, ક્ષણિક છે અને એ પરતંત્ર છે-બીજા ઉપર આધારિત છે. આ વાતને સમજાવતાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ શ્રીગુરુલીલામૃતમાં લખે છેઃ

સ્વાત્મસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ
વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ.
થાય સફળ તોએ કદિ, વિષય દુઃખનું મૂળ,
ક્ષણભંગુર, પરતંત્ર એ, કરે વિરસ વ્યાકુળ.
વિષયેચ્છુને સર્વદા પીડે રાગદ્વેષ;
મોહ શોક શ્રમાદિથી થાય અંતરે કલેશ.

(અ.૯ - દો. ૩૨, ૩૫ અને ૩૭)

આપણા ધર્મના ઋષિ-મુનિઓએ જીવનને સુખી અને સુગંધિત બનાવવાના હેતુથી ઘણા સૂત્રો આપ્યા જે પૈકીના કેટલાક સૂત્રો નીચે આપ્યા છે.

૧. માતૃદેવો ભવ
૨. પિતૃદેવો ભવ
૩. આચાર્યદેવો ભવ
૪. અતિથિદેવો ભવ
૫. પતિદેવો હિ નારીણામ્

આમાં પૂ. રંગબાપજીએ એક સૂત્ર ઉમેર્યુંઃ

૬. પરસ્પરદેવો ભવ.

'ધન્યો ગૃહસ્થાશ્રમઃ'ના સૂત્ર દ્વારા ગૃહસ્થાશ્રમનું મહત્ત્વ પણ સ્વીકારાયું છે. વ્યક્તિ સંન્યસ્ત દ્વારા મોક્ષ પ્રાપ્ત કરે એ સાચું પરંતુ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એ પણ એટલું જ સાચું.

અનસૂયાબાવની અને એના માહાત્મ્ય દ્વારા પતિની એકનિષ્ઠ સેવા-ભક્તિ કરનાર સતી સ્ત્રીમાં કેટલું સામાર્થ્ય હોય છે એનો ખ્યાલ આવે છે.

સ્ત્રીને માટે પતિ એ જ દેવ છે. પતિ એ જ પરમેશ્વર અને પતિની સેવામાં જ બધા મંત્રજાપ, પૂજાવિધિ અને તીર્થયાત્રા આવી જાય છે. આવી વાત દ્વારા ગૃહસ્થાશ્રમને મજબૂત અને સુવાસિત બનાવવાનો પ્રયત્ન છે.

યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ । અને ગૃહિણીમ્ ગૃહ ઉચ્યતે । જેવા સૂત્રો દ્વારા સ્ત્રી સન્માનનો અને સ્ત્રીના મહત્ત્વનો પણ સ્વીકાર થયો જ છે.

પતિ અને પત્ની એ ગૃહસ્થાશ્રમ-રથ-ના બે પૈંડા છે. મધુર દામ્પત્ય જીવન દ્વારા પોતાના જીવનને, ઘરને અને સમાજને મહેંકતો કરવાનો છે.

"સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ" એવું શ્રીમદ્ ભગવદ્ગીતાના પ્રથમ અધ્યાયમાં થયેલું વિધાન સ્ત્રીનું મહત્ત્વ અને સમાજની અને દેશની સંસ્કૃતિના રક્ષણમાં સ્ત્રીનો કેટલો મહત્ત્વનો ફાળો છે તે સૂચવે છે.

સમાજ સુખી થાય, દામ્પત્ય જીવન મધુરું રહે એવા આશયથી સિદ્ધપુરના વિરલ સંત પૂ. દેવશંકર બાપા બહેનોને "અનસૂયાબાવની"નો પાઠ કરવાનું આગ્રહભર્યું સૂચન કરતાં. માતા અનસૂયાએ પતિભક્તિથી બ્રહ્મા-હરિ-હરને નાના બાળકો બનાવી દીધા એ વાત સતી સ્ત્રીની શક્તિનો પરિચય આપે છે.

કેટલાકને એવું લાગે છે કે સ્ત્રી ઉપર ઘરની અને વરની વધુ પડતી જવાબદારી મૂકવામાં આવી છે, અને એનું કારણ એ છે કે આ બધા શાસ્ત્રો રચનારા પુરુષો છે. પુરુષ પ્રધાન સમાજ હોવાને કારણે 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ' જેવા, સ્ત્રીને ગુલામી જીંદગી જીવવાનું સૂચવતાં સૂત્રો આવ્યા.

આ સંદર્ભમાં વિદ્વાન ચિંતક મુ. શ્રી હરિભાઈ કોઠારી એક સરસ દૃષ્ટાંત આપે છે. શ્રોતાઓને સંબોધતાં એ કહે છે કે બહેનો! તમે જ કહો કે તમે બજારમાંથી હીરાના દાગીના ખરીદીને ઘરે આવો ત્યારે આવતા આવતા સાથે સાથે કોલસાનો થેલો પણ લાવો તો તમે કબાટમાં શું મૂકશો અને ચોકમાં શું મૂકશો? શ્રોતા બહેનો પોતે જ કહેશે કે હીરાના દાગીના કબાટમાં મૂકીશું અને કોલસાનો થેલો ચોકમાં મૂકીશું.

પછી મુ.શ્રી હરિભાઈ પ્રશ્ન પૂછે છે કે તો પછી હીરાના દાગીના ફરિયાદ નહિ કરે કે અમને કબાટમાં-એક ચોરખાનામાં મૂકી કબાટ બંધ કરી તાળું મારી કેદ કર્યા અને પેલા કોલસાનો થેલો લહેર કરતો અને પવન ખાતો ચોકમાં બેઠો. પણ એનો જવાબ એ છે કે હીરાના દાગીના કિંમતી છે માટે એને કબાટમાં રાખવા પડે. જે વસ્તુ મોંઘી હોય, કિંમતી હોય એના પર જ નિયંત્રણ હોય. વસ્તુ જેમ વધુ મોંઘી તેમ નિયંત્રણ વધુ મજબૂત.

આજની સ્ત્રી કાલની પત્ની છે અને ભવિષ્યની માતા છે. સંતાન અને એ દ્વારા સમાજની સંસ્કૃતિનું રક્ષણ એના હાથમાં છે. સ્ત્રીને બગડવા ન દેવાય. સ્ત્રી બગડે તો સંસ્કૃતિ બગડે, સંસ્કૃતિ નષ્ટ થાય. એવું કહેવાય છે કેઃ "એક માતા સો શિક્ષકની ગરજ સારે છે"

"કહે નેપોલિયન દેશને કરવા આબાદાન,
સાચી રીત તો એ જ છે, દો માતાને જ્ઞાન."

વળી એમ પણ કહેવાયું છે કેઃ

"જે કર ઝૂલાવે પારણું, તે જ કર શાસન કરે."

ગૃહસ્થાશ્રમ તેજસ્વી બને, સંયુક્ત કુટુંબો પાછા ઊભા થતા જાય અને મધુર દામ્પત્યની સુવાસ ફેલાય એ આશયથી માતા અનસૂયાનું, દેવહૂતિનું વગેરેનું ચરિત્ર વિગતે વર્ણવ્યું છે.

પ્રેમ અને ત્યાગ હશે ત્યાં ક્ષમાવૃત્તિ પણ આપોઆપ આવે છે એ ન્યાયે આપણે પણ આપણા જીવનમાં પ્રેમ, ત્યાગ અને ક્ષમાના સુગંધિત પુષ્પો ખીલવીએ.

□ □ □

# અનસૂયાબાવની

ધ્યાન

રેવાપગોત્તર[1] તટે ગુજરાત મધ્યે
એરંડી સંગમ ધરે તન કષ્ટ સહેતા ।
બેસી ઉદુંબર તળે તપ આચરે જે
એવા નમું વિધિહરીશ તણી જનેતા ॥

જય અનસૂયા માત દયાળ, શરણે આવ્યો તારો બાળ.
માતૃગયાનું તીર્થ પવિત્ર, કર્દમ-દેવહૂતિ માવિત્ર
અજનેત્ર સંભવ અત્રિનાથ, ચિત્રકુટમાં રહેતા સાથ.
પતિ પ્રાણને પતિ જીવન, પતિ કાર્યમાં હોમે તન મન. ૪.
અગ્નિ અતિથિનું પૂજન થાય, નિરાશ થઇ નવ કોઈએ જાય.
વરસ દસના દુષ્કાળમહીં, અન્નજળ દેશે મળતું નહીં.
આશ્રમ આશ્રય જે કોઈ કરે, તે પ્રાણી નવ ભૂખે મરે.
સ્નાન સંધ્યાદિ કરવા ખાસ, વહે ગંગાજી તપોવન પાસ.
સોમવલ્લી રસ કર્મ યુક્ત, હવન સાત કર્યા સંયુક્ત.
દીઠું ન તોયે સંતતી મુખ, તેથી દંપતી ધરતાં દુઃખ. ૧૦
તપ વિણ નહીં સંતતી સુખ, તો તપ કરવું વેઠી દુઃખ
એવો નિર્ણય પાકો કરી, સ્વામી આજ્ઞા શિર પર ધરી
આવી નર્મદા તટે પવિત્ર, એરંડી સંગમની ધરિત્ર.
ગયાં વરસ સો કરતાં તપ, વેઠી દેહે કષ્ટ અમાપ.

---

૧. રેવા નદી(આપગા)ના ઉત્તર તટે.

ભીનાં વસ્ત્ર શિયાળે ધરી, પંચાગ્નિ સાધન ગ્રિષ્મે કરી.
ચોમાસે ખૂલ્લે મેદાન, ત્રિમૂર્તિનું ધરતા ધ્યાન. ૧૬
શ્રી, સાવિત્રી ને પાર્વતી, સતીનો ફાંકો રાખે અતિ.
વિષ્ણુ મન નારદજી ત્યાંય, આવી વધા સુણો હે માય.
નથી ત્રિલોકમાં એકે સતી, જે અનસૂયા સરખી થતી.
સૂણી વચન ઉપજી ઈર્ષાય, વ્રત ચૂકવવા કરવો ઉપાય. ૨૦
રીસાયેલાંની રાજી માટ, ત્રિમૂર્તિ લે સંગમની વાટ.
ત્રિદેવ વેશ સંન્યાસી લઈ, માગે ભિક્ષા આશ્રમ જઈ.
ભિક્ષા દેહિ દિગંબર થઈ સૂણી વચન નવ ગુસ્સે થઈ.
સ્વામી સ્મરણ કરીને ત્યાંય, છાંટ્યું જળ ત્યાં બાળક થાય. ૨૪
દિગ્વસ્ત્રે લઈ ખોળે બાળ, પયપાન કરાવે તત્કાળ.
એમ અતિથિની પૂરી આશ, નિજ નિયમ પણ પળાયો ખાસ.
અહિં ઝૂલે પારણે ત્રિદેવ, તમો કરતા તેમની સેવ.
એમ કરતાં ખટ માસ જ જાય, સતીઓને મન ચિંતા થાય.
જાણી નારદજીથી વાત, આવ્યાં સદ્ય એરંડી ઘાટ.
ભિક્ષા માગે જોડી હાથ, આપો દેવી અમારા નાથ. ૩૦
લઈ લો પારણે ઝૂલે બાળ, ઉછેરજો રાખી સંભાળ.
જોઈ ત્રણેનું એક સ્વરૂપ, સતીઓ ત્રણે થઈ ગઈ ચૂપ.
માતા! આપો ઝાલી હાથ, તો અમે સૌ થઈએ સનાથ.
અંજલ્યુદકે[1] શિશુત્વ જાય, વિધિહરિહર પ્રકટ જ થાય.

---

૧. પાણી(ઉદક)ની અંજલિ.

‘વરં બ્રુહિ’નો સૂણી સાદ, માગે પુત્ર બનો સાક્ષાત્.
વદી “થાઓ એમ”[૧] અવશ્ય, થાય સદેહે દેવ અદશ્ય.
વિષ્ણુ દત્ત દિગંબર થાય, ચંદ્રમા બ્રહ્મા કહેવાય.
દુર્વાસા એ શિવાવતાર, પૂરી કામના થઈ પરિવાર.
સતી નર્મદા તુજ વચને દે છૂટ ઉગવા સૂર્યને.
માંડવ્ય શાપે ઉગતા ભાણ, નર્મદા પતિના જાયે પ્રાણ. ૪૦
તુજ સતીત્વ પ્રભાવે કૌશિક, જીવે રોગમુક્ત થઈ કાયિક.
દંડકવનમાં જાતાં રામ અત્રિ આશ્રમે કરે મુકામ.
બોધ્યા સીતાને આપ્યું દાન, અંગરાગ ને અમર વસન[૩].
ગોવિંદ વિપ્રની હત્યા જાય, પંકે પડતાં નિર્મળ કાય.
ધરી હિમાલયે પુત્રદા નામ, કરો ભક્તોના પુરણ કામ. ૪૫
જે સ્ત્રી વર્તે તુજ આદર્શ, દિન દિન થાય તેનો ઉત્કર્ષ.
ચર્મ રોગ સૌ પામે નાશ, મૃત્તિકા લેપન કરતાં ખાસ.
ભણે બાવની દીપ કરી, ત્રિકાળ નિત્ય નિયમ ધરી.
આપે વૈભવ માતા અહીં, અંતે મુક્તિ પરમ પદ સહી.
કરી વ્રત બાવન રવિવાર, ભણે બાવની બાવન વાર. ૫૦
રોગ દોષ સૌ તેના જાય, મનોકામના પૂરી થાય.
ચરિત્ર તારાં દિવ્ય અનંત, શું વર્ણવે **વિષ્ણુ** મતિમંદ. ૫૨
તાપસી એ મહા સતી માત, બોલો જયશ્રી અનસૂયા માત.

---

૧. તથાસ્તુ. ૨. વસ્ત્ર.

# અનસૂયાબાવનીની સમજ

**ધ્યાન**

ગુજરાતની મધ્યમાં રેવા નદી(આપગા)ના ઉત્તર તટે એરંડી સંગમ થાય છે ત્યાં ઉદુંબર (ઔદુંબર)ની નીચે શારીરિક કષ્ટ વેઠીને તપ કરતાં બ્રહ્મા-વિષ્ણુ અને શંકરની જનેતાને હું નમું છું.

અત્રિ ઋષિની પત્ની મહાસતી અનસૂયા એ હિંદુધર્મની શોભા વધારનારું પાત્ર છે. અનસૂયા એ કર્દમ ઋષિ અને દેવહૂતિ માતાની પુત્રી છે. કપિલ ભગવાનની બહેન છે અને દત્ત ભગવાનની માતા છે. બ્રહ્મા-હરિ-હરને નાના બાળકો બનાવી પારણિયે ઝૂલાવનાર સતી પણ આ અનસૂયા જ છે.

પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે. સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણ છે. આ ત્રણ (ત્રિ) ગુણથી જે રહિત (અ) છે, જે ત્રણ ગુણથી પર છે, ત્રણ ગુણ વિનાનો (અ) છે તે અત્રિ છે. કોઈના પણ સદ્‌ગુણમાં દોષ જોવાની વૃત્તિને અસૂયા કહેવામાં આવે છે. જે સ્ત્રીમાં આવી અસૂયાવૃત્તિ નથી તે સ્ત્રીને અનસૂયા કહેવામાં આવે છે.

બ્રહ્માના સાત માનસપુત્રો પૈકી અત્રિ એ બીજા નંબરના પુત્ર છે અને તે બ્રહ્માજીની આંખમાંથી - અજનેત્રમાંથી ઉત્પન્ન થયા છે.

સૃષ્ટિક્રમ ફેલાવવા થતાં સંકલ્પમાત્ર,
માનસપુત્રો સાત ત્યાં થયાં પ્રગટ સુગાત્ર.

(શ્રીગુ.લી.અ.પ દો.૩)

**તેમાં બીજા અત્રિ એ બ્રહ્મનેત્રોત્પન્ન,**
**રહે ત્ર્યવસ્થાશૂન્ય જે નામ અત્રિ ઉપપન્ન.**

(શ્રીગુ.લી.અ.૫ દો.૪)

બ્રહ્માના સાત માનસપુત્રોમાં મરીચિ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠનો સમાવેશ થાય છે.

પિતાની આજ્ઞાથી અત્રિમુનિએ કર્દમ અને દેવહૂતિની પુત્રી અનસૂયા સાથે લગ્ન કર્યા અને ગૃહસ્થાશ્રમ માંડ્યો. કર્દમ અને દેવહૂતિને નવ પુત્રીઓ અને એક પુત્ર હતો. કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભૂ, ગતિ, સત્ક્રિયા, ખ્યાતિ, અરુંધતિ અને શાન્તિ એ નામની નવ દીકરી અને કપિલ નામનો એક દીકરો હતો. કર્દમ અને દેવહૂતિ માતૃગયાના પવિત્ર તીર્થ એવા સિદ્ધપુરમાં રહેતા હતા.

અત્રિ ઋષિ પિતાની આજ્ઞા લઇને અનસૂયા સાથે ઋક્ષ પર્વતના શિખર પર આવ્યા. મહેન્દ્ર, મલય, સહ્ય, શક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિયાત્ર એ સાત કુલાચલ પર્વત કહેવાય છે.

અત્રિમુનિએ એક પગ ઉપર ઊભા રહીને, વાયુનું ભક્ષણ કરીને એક ભક્તિથી ભગવાન વિષ્ણુનું ધ્યાન ધરવા માંડ્યું.

સેંકડો વર્ષો વહી ગયાં. અંતે બ્રહ્મા-વિષ્ણુ અને શંકર પ્રસન્ન થયાં અને વરદાન આપ્યું કે તને અનુપમ કીર્તિવાળો દૈવી પુત્ર થશે.

અનસૂયાજી પવિત્રતાથી ગૃહસ્થ જીવન જીવતાં હતાં. પતિની અને અતિથિની સેવા એકનિષ્ઠ ભાવે કરતા હતા. આંગણે આવેલો અતિથિ સંતોષ પામીને જાય એ રીતે અનસૂયાજી ગૃહસ્થ જીવન

જીવતાં હતાં. પતિને પરમેશ્વર માનીને એમની એકનિષ્ઠ ભાવે સેવા કરતાં હતાં.

મધુરું દામ્પત્ય જીવન સંતાન વિના અધુરું હતું. તપ વિના કશું પ્રાપ્ત થતું નથી એ સત્ય અનસૂયાજી જાણતા હતા. અત્રિ અને અનસૂયા બે જ જણ હતાં. પુત્ર થાય તો ત્રણ (ત્રિ) જણ થાય એટલે અત્યારે અત્રિ ઋષિ આ અર્થમાં પણ સાચે જ અ-ત્રિ (ત્રણ નહિ) હતા.

પતિની આજ્ઞા મેળવીને અનસૂયાજીએ પણ તપ કરવાનું વિચાર્યું. અનસૂયાજી મા-નર્મદા (રેવા) અને એરંડી નદીના સંગમ સ્થળે તપ કરવા લાગ્યા. સો વરસ સુધી અસહ્ય કહેવાય એવા શારીરિક કષ્ટો વેઠીને તપશ્ચર્યા કરવા લાગ્યા. શિયાળાની કડકડતી ઠંડીમાં શરીર ઉપર ભીનાં કપડાં પહેરીને તપશ્ચર્યા કરતાં. ઉનાળાની ધગ ધગતી ગરમીમાં ચારે દિશામાં અને વચ્ચે એમ પાંચ જગ્યાએ અગ્નિ (પંચાગ્નિ) પ્રગટાવી વચ્ચે બેસી તપ કરતાં અને ચોમાસામાં ભર વરસાદમાં ખુલ્લા મેદાનમાં બેસીને ત્રિમૂર્તિનું ધ્યાન ધરતાં હતાં.

પતિની સંમતિથી તપ કાર્ય કરવાની સ્ત્રીને છૂટ છે. એની પાછળ આશય એવો છે કે ગૃહસ્થાશ્રમનો ધર્મ સચવાય એ રીતે પત્ની પોતાની ઇચ્છા સંતોષે એમાં કોઇ વાંધો નથી. “ઘર બાળીને તીરથ કરવાના ના હોય”નો અર્થ આ જ છે.

પોતાના પતિને અને પોતાના ગૃહસ્થધર્મને સાચવીને તપ કરતી અનસૂયાજી સતી તરીકે જાણીતા થયા અને પછી તો મહા સતી અનસૂયા તરીકે પણ ઓળખાવવા લાગ્યા. અનસૂયાજી તો

વિવેકી છે, નમ્ર છે, સુશીલ છે અને પતિ-પરાયણ છે. પરંતુ એની વધતી જતી ખ્યાતિ વિશે રમા, ઉમા અને સાવિત્રિને જ્યારે નારદ દ્વારા જાણવા મળ્યું ત્યારે તેઓ નારાજ થઈ ગયાં. એમનાં મનમાં ગર્વ (ફાંકો) હતો કે અમારા જેવી પતિવ્રતા કે સતી સ્ત્રી તો કોઈ છે જ નહિ. અતિથિનું સ્વાગત અને પતિની એકનિષ્ઠ ભાવે સેવા એ દ્વારા જ અનસૂયા મહા સતી બની હતી. અતિથિની ઈચ્છા પૂરી કરવાનું એનું વ્રત કોઈ પણ રીતે તૂટે તો એના વ્રતનો ભંગ થાય. એનું વ્રત ચૂકવવા માટે કંઈક કરવું પડશે. પણ શું કરવું?

એમણે પોતાના પતિદેવો સમક્ષ હઠ લીધી કે તમે અનસૂયાના આશ્રમે જઈ ભિક્ષા માગો. પરંતુ ભિક્ષા માટેની એવી શરત રાખજો કે એ શરતનું પાલન ન કરી શકે અને તમને ભિક્ષા આપવાની ના કહી દે. બસ! એનું વ્રત ચૂકવવાનો-વ્રત ભંગ કરવાનો આ જ શ્રેષ્ઠ ઉપાય છે.

ત્રણે દેવોએ ત્રણે દેવીને ઘણી સમજાવી પણ તેઓ માન્યા નહિ. આનું પરિણામ સારું નહિ આવે, તમે મુશ્કેલીમાં મુકાશો એમ પણ કહ્યું તો પણ તેમણે પોતાની હઠ ચાલુ જ રાખી. અનસૂયા તો આપણી પુત્રવધૂ છે એટલે એના પર આવો રોષ ન થાય એમ પણ કહ્યું તો પણ દેવીઓ માની નહિ.

આ પ્રસંગનું વર્ણન કરતાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ શ્રીગુરુલીલામૃતમાં લખે છેઃ

દેવ કહેઃ જાણો તમે! રાગ દ્વેષથી એમ,
કરી સ્નુષા પર કોપ આ, વ્યર્થ અંતરે તેમ.

મોકલતાં વ્રત ભાંગવા થશે ક્યાંય વિપરીત!
રાગ દ્વેષ અનિષ્ટ એ કરો સતી પર પ્રીત.

અનસૂયાએ જીંદગી કાઢી ભક્તિમાંહ્ય,
અતીત અભ્યાગતતણી, કરી સેવા સદાય.

નર્મદાની મહેરથી, પતિભક્તિથી તેમ,
કર્યું પ્રાપ્ત સામર્થ્ય એ, શક્તિ અલૌકિક એમ.
અકારણ છળ અન્યનો કરતાં અનિષ્ટ થાય,
કરતાં છળ સાધુ તણો નિશ્ચય કુલક્ષય થાય.

સાધુ કોપ કરે નહિ જતાં પ્રાણ પણ એમ,
કર્મે દૈવ પ્રકોપતાં, કોપે સાધુ તેમ.

સાધુ કોપ નિવારવા, કોઇ ન ત્યાંય સમર્થ,
માટે વિચાર કરો ફરી, નહિ તો ખોશો અર્થ.

(અ. ૬ દો. ૨૧ થી ૨૭)

અનસૂયાએ દેવીનું શું બગાડ્યું છે? આવી વ્યક્તિનો વ્રતભંગ કરવા માટેનો પ્રયત્ન ભગવાન સાંખી લેતા નથી.

ત્રણે દેવોએ સાધુનો વેશ લીધો અને અનસૂયાના આશ્રમે આવી 'ભિક્ષાં દેહિ'ની ટહેલ નાંખી. અનસૂયાજી બહાર આવ્યા એટલે દેવો બોલ્યાઃ 'મા ભિક્ષા આપો. સમાધિમાંથી ઊઠીને આવ્યા છીએ તેથી ખૂબ ભૂખ્યા થયા છીએ, પણ મા! એક શરત છે. તમે નગ્ન થઇને ભિક્ષા આપો તો જ અમે ભિક્ષા સ્વીકારશું નહિ તો બીજે આશ્રમ જઇશું.'

સતી અનસૂયાએ શું કર્યું? સૌ પ્રથમ પોતાના પતિનું-અત્રિ ઋષિનું ધ્યાન ધર્યું. પછી એને સ્મરણ થયું કે “આ અતિથિઓ તો મને ‘મા!’ કહીને બોલાવે છે. એટલે એણે મનમાં સંકલ્પ કર્યો કે “આ અતિથિઓ નાના નાના બાળક થઇ જાવ.” નાના બાળક પાસે નગ્ન થઈને જવામાં માતાને શું સંકોચ! અનસૂયા તો બ્રહ્મવાદિની હતી. હાડકાં-ચામડાં ને લોહીથી ભરેલું આ શરીર વસ્ત્રવાળું હોય તોયે શું અને વસ્ત્ર વગરનું - વિવસ્ત્ર - હોય તોય શું?

સતી અનસૂયા ભિક્ષા લઈને આવ્યા તો ત્રણે દેવો નાના બાળકો થઈ ગયા હતા. અનસૂયાએ ત્રણે બાળકોને તેલ ચોળી, ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને પછી સ્તનપાન કરાવ્યું. સ્તનપાન કરાવીને ત્રણેને ઝોળીમાં સુવરાવી હાલરડાં ગાવા લાગ્યાં.

અત્રિ ઋષિ નદી ઉપરથી નિત્યકર્મ કરીને આવતા હતા ત્યારે પોતાના આશ્રમમાંથી હાલરડાંનો અવાજ સાંભળીને એમને નવાઇ લાગી.

અત્રિ ઋષિએ આશ્રમમાં આવીને જોયું તો દંગ થઇ ગયા. આ પ્રસંગે પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં લખેલા દોહરા એ મધુરાં દામ્પત્ય જીવનના દ્યોતક છે. અત્રિ ઋષિ અનસૂયાની પ્રશંસા કરે છે જ્યારે મા-અનસૂયા બધો યશ પતિદેવને જ આપે છે.

સૂણી વચન અત્રિ વદેઃ ધન્ય ધન્ય તું એક,
ધન્ય તપસ્યા તાહરી! ધન્ય ભક્તિ વિવેક.

માતપિતાનું નામ તેં કર્યું અજર અમર,
તાર્યું મારું કુળ પ્રિયે! ગાય ગુણ સુર-નર.

---

**પુરુષનાં પુણ્ય ફળે, પતિવ્રતા સતી મળે.**

---

ધ્યાને જોતાં ઓળખ્યા બ્રહ્મા હરિ હર દેવ,
કહેઃ પ્રિયે તેં હદ કરી, કર્યા બાળ ત્રિદેવ!

સતી કહેઃ હે નાથ! આ સઘળો ચરણ પ્રભાવ,
યત્સેવાથી પલકમાં શમે ત્રિતાપ દાવ.

(અ.૬ દો. ૭૭ થી ૮૦ )

અનસૂયાના આશ્રમે ત્રણે દેવો બાળક બનીને પારણે ઝૂલે છે એ વાતને છ મહિના થઇ ગયા. હવે ત્રણે દેવીઓને ચિંતા થવા લાગી. ભિક્ષા માગવા ગયેલા પતિદેવો હજી સુધી કેમ ન આવ્યા? એમનું શું થયું? એમને નારદ યાદ આવ્યા. નારદજીએ આવીને ત્રણે દેવીને બધી વાત કહી.

રમા, ઉમા અને સાવિત્રીને સંકોચ તો થયો પણ નારદજીને સાથે લઇને એરંડી-રેવાના સંગમે અનસૂયાના આશ્રમે ગયા અને વિનંતી કરી કે હે અનસૂયા! અમારા પતિદેવને પાછા આપો. અનસૂયા-માએ કહ્યું કેઃ તમારા પતિદેવ પારણિયે ઝૂલે છે. તમે તમારા પતિદેવ લઇ લો અને એને સંભાળીને ઉછેરજો.

ત્રણે દેવીને પોતાની ભૂલ બદલ પશ્ચાત્તાપ થયો હોય તેવું દેવોને જણાયું નહિ. દેવોએ આ વાત પર પોતાની નારાજગી કેવી રીતે વ્યક્ત કરી? ભગવાનને ભક્તનું કેટલું લાગે તે બતાવતા પૂ.શ્રી અવધૂતજી અહીં શ્રીગુરુલીલામૃતમાં લખે છેઃ

બોલે અનસૂયાઃ જુઓ પોઢ્યા પર્યંકમાંહ્ય,
સુખે લઇ જાઓ!! સૂણી શક્તિ સન્નિધ ધાય.

**લગ્નના હેતુ ત્રણઃ ધર્મ, રતિ અને સંતાન પ્રાપ્તિ.**

દેખે ત્યાં તો બાળકો, ત્રણેય એક સ્વરૂપ!
વદે પરસ્પર શક્તિ એ, જોઈ ચકિત અનુપ!

ધન્ય અનસૂયાતણી ભક્તિ અકળ અમેય,
દેખાડ્યું લીલા કરી, એણે આ નિજ ધ્યેય.

નિશ્ચય પતિનો થાય ના, થતાં અન્યનો સ્પર્શ,
પાતિવ્રત્ય રહ્યું કહાં? વૃથા કર્યો અમર્ષ.

માન્યું પ્રથમ જ હોત તો આવત ના આ દિન,
એમ વિચારી ઉમા, રમા, થાય સાવિત્રી દીન.

માફી પતિની ઉર વિષે માગે હતાશ એમ,
તોય રૂપની ના પડે, ઓળખાણ એ તેમ.

છેવટ લાચારી થકી, કહે એક નિર્માન,
અનસૂયા તુજ હાથમાં, બાજી સઘળી જાણ.

આપ પૃથક તું ઓળખી, અનસૂયા! પતિદેવ,
સૂણી હસે પ્રાર્થે સતી, આવી નિકટ ત્રિદેવ.

(અ.ક દો. ૧૩૮ થી ૧૪૫)

અનસૂયાના વ્રતભંગ માટે ત્રણે દેવીઓનું પગલું અયોગ્ય હતું એટલે ત્રણે દેવોએ એવું સરખું સ્વરૂપ લીધું કે દેવીઓએ અનસૂયાને વિનંતી કરવી પડી અને માફી માગવી પડી.

દેવોએ અનસૂયાને વરદાન માગવાનું કહ્યું ત્યારે સતી અનસૂયાએ કહ્યું કે તમે મારા પુત્ર બનીને અવતરો અને પાછા આવીને

**લગ્ન એ બે આત્માનું મિલન છે.**

પારણિયે ઝૂલો. દેવોએ 'તથાસ્તુ' 'એ પ્રમાણે થાવ' એવું કહ્યું અને ત્રણે દેવો ત્રણે દેવીઓ સાથે અંતર્ધાન થઈ ગયા.

દેવોએ પોતાનું વચન પાળવા માગસર માસની પૂર્ણિમાનો પ્રદોષ સમય પસંદ કર્યો અને સતીએ ત્રણે દેવોને જન્મ આપ્યો. વિષ્ણુ ભગવાન દત્ત તરીકે પ્રગટ્યા, ભગવાન બ્રહ્મા ચંદ્રમારૂપે અવતર્યા અને શિવજી દુર્વાસારૂપે પ્રગટ્યા. આમ બ્રહ્મા, હરિ અને હર અનુક્રમે ચંદ્ર, દત્ત અને દુર્વાસારૂપે પ્રગટ્યા. (મીન રાશી ઉપરના નામ પાડ્યા.)

સતી અનસૂયાને કારણે શાંડિલીનો (મા-નર્મદાનો) પતિ પાછો જીવતો થયો, એને જીવતો કર્યો અને બીજી બાજુ સૂર્યોદય કરાવ્યો.

વાત એમ બની કે ગોદાતીરે પ્રતિષ્ઠાન નામનું નગર હતું ત્યાં કૌશિક નામનો શ્રીમંત બ્રાહ્મણ રહેતો હતો. એની પત્નીનું નામ શાંડિલી (અનસૂયાબાવનીમાં નર્મદા) હતું. કૌશિક બ્રાહ્મણ હોવા છતાં શ્રીમંતાઈના દુષણરૂપ વૈશ્યાગૃહે પડી રહેતો હતો. જયારે એને ગલત્કુષ્ઠનો રોગ થયો ત્યારે વેશ્યાએ એને કાઢી મૂક્યો. આ પરિસ્થિતિના સંદર્ભમાં પૂ.શ્રીએ લખેલા દોહરા સમજવા જેવા છે.

અવિચારે સ્ત્રીપુરુષ જે કરે વિષયોપભોગ;
રાત દિવસ ગણે નહિ! રડે થતાં એ રોગ.

ભોગ રોગનું મૂળ છે, રોગમૂળ અવિચાર,
યૌવન ધન સત્તામદે થાય નષ્ટ વિચાર.

(અ. ૭ દો. ૪૯-૫૦)

માણસ ભોગ ભોગવતો નથી પણ ભોગો માણસને ભોગવે છે. 'ભોગો ન ભોક્તાઃ વયમેવ ભોક્તાઃ' એવું ભર્તૃહરિ મહારાજનું વચન એકદમ સાચું છે.

શાંડિલીની સેવાને કારણે કૌશિક સ્વસ્થ થયો. એણે એક દિવસ શાંડિલીને વિનંતી કરી કે તું મને પેલી વેશ્યા પાસે લઈ જા. વેશ્યાને હું ભૂલી શક્તો નથી. ચોમાસાના દિવસો હતા. શાંડિલીની તો પતિને રાજી રાખવા માટે વસ્ત્રાભૂષણોનું પોટલું અને કૌશિકને લઈને ચાલી નીકળી. માથા ઉપર પોટલું રાખ્યું અને ખભા ઉપર કૌશિકને બેસાડ્યો. આકાશમાં મેઘાડંબર છવાયું હતું. ઘોર અંધકારમાં રસ્તો દેખાતો ન હતો. થોડી થોડી વારે થતી વીજળીના અજવાળે રસ્તો જોઈને શાંડિલી કૌશિકને લઈને જતી હતી. એવામાં સંકટ આવ્યું.

કૌશિકનો પગ એક થાંભલા સાથે અથડાયો. થાંભલાને ધક્કો વાગ્યો. આ થાંભલાની ટોચે શૂળી પર માર્કંડેય ઋષિના શિષ્ય માંડવ્યને ચઢાવ્યા હતા. રાજાએ એને ભૂલથી ચોર માનીને શૂલી પર ચઢાવી દીધા હતા.

થાંભલાને ધક્કો વાગતાં શૂલી ઉપર રાખેલા માંડવ્યને અનહદ પીડા થઈ એટલે એણે શાપ આપ્યો કે જેણે ધક્કો મારીને મને અનહદ પીડા કરી છે તે કાલે સૂર્યોદય થતાં જ મૃત્યુ પામશે.

શાંડિલીએ આ શાપ સાંભળ્યો. પતિનું મૃત્યુ અટકાવવા એણે સૂર્યને આજ્ઞા કરી કે હું તને ના કહું ત્યાં સુધી ઉગીશ નહિ. જો મારી આજ્ઞા વગર તું ઉગશે તો તું સ્વાધિકારથી ભ્રષ્ટ થઈશ.

શાંડિલીની આજ્ઞાને કારણે સૂર્યનો ઉદય થતો અટકી ગયો.બધા યજ્ઞ કાર્યો અટકી ગયા. દેવોને મળતા ભાગો બંધ થઈ

ગયા. ઇંદ્ર સહિત બધા દેવો બ્રહ્મા પાસે ગયા અને સંકટની જાણ કરી. બ્રહ્માજીએ આનો ઉપાય સૂચવતાં કહ્યું કે સતી શાંડિલીને સમજાવવા માટે સતી અનસૂયાનું કામ પડશે. બ્રહ્માજી, ઇંદ્ર અને દેવો સતી અનસૂયા પાસે ગયા. એને વિનંતી કરીને શાંડિલી પાસે લઇ ગયા.

સતી અનસૂયાએ શાંડિલીને કહ્યું કે તું સૂર્યને ઉગવાની આજ્ઞા કર. સૂર્યોદય થશે તો જ જગત પાછું યથાવત્ કામ કરતું થશે. શાંડિલીએ કહ્યુંઃ "સૂર્યોદય થતાં જ મારા પતિના પ્રાણ જશે અને સતીનું દૈવત તો તેનો પતિ જ છે." અનસૂયાએ કહ્યું કે તું તારી મેળે સૂર્યનો ઉદય થવા દે. બાકીનું તો હું સંભાળી લઇશ.

શાંડિલીએ સૂર્યને ઉગવાની આજ્ઞા કરી. સૂર્યોદય થતાં જ અંધારું ગયું અને કૌશિકના પ્રાણ પણ ગયા.

સતી અનસૂયાએ હાથમાં જળ લઇ સંકલ્પ કરી એ જળ કૌશિક પર છાંટ્યું અને એને જીવતો કર્યો.

સતી અનસૂયાએ સંકલ્પમાં શું કહ્યું? પૂ.શ્રી રંગ અવધૂતજી શ્રીગુરુલીલામૃતમાં જણાવે છેઃ

એમ કહી લીધું કરે, સંકલ્પોદક એમ;
કહેઃ શીલ જો માહરું હોય અખંડિત તેમ,
સેવા પતિની જો કરી, રાખી અનન્ય પ્રેમ,
પ્રાણાન્તે પણ જો ચહ્યું સદા પતિનું ક્ષેમ;
સ્વપ્ને પતિ વિણ કદિ, માન્યું ન પર દૈવત;
મત્પાતિવ્રત્યાંશથી ઊઠો દ્વિજ આ મૃત.

કેવળ પતિવ્રતાપણાના બળે સતી અનસૂયાએ મરેલા કૌશિકને જીવતો કર્યો. મધુરું દામ્પત્ય જીવન જીવીને સ્ત્રી કેવી મહાન તાકાત મેળવી શકે છે તેનું આ જવલંત ઉદાહરણ છે. સ્ત્રીને સમર્થ બનાવનારી પતિભક્તિ ઘરને સ્વર્ગ બનાવે છે.

જ્યારે ભગવાન રામચંદ્રજી સીતા અને લક્ષ્મણ સાથે વનમાં ગયા ત્યારે ફરતાં ફરતાં દંડકવનમાં અત્રિ ઋષિના આશ્રમે ગયા. એ સમયે અનસૂયા માતાએ સીતાજીને આભૂષણો, વસ્ત્રો વિ. આપ્યા અને આશીર્વાદ-વરદાન આપ્યું. અનસૂયામાતાએ સીતાને સ્ત્રીધર્મ સમજાવી શિખામણ આપી. આ પ્રસંગનું વર્ણન કરતાં ગોસ્વામી તુલસીદાસ અરણ્યકાંડમાં લખે છેઃ

અનુસુઈયા કે પદ ગહિ સીતા, મિલિ બહોરી સુસીલ બિનીતા ।
રિષિપતિની મન સુખ અધિકાઈ આસિષ દેઈ નિકટ બૈઠાઈ ॥

પછી પરમ શીલવાળાં અને વિનયનમ્ર સીતાજી અત્રિ ઋષિનાં પત્ની અનસૂયાના ચરણો પકડી તેમને મળ્યાં. ઋષિ પત્નીના મનમાં ઘણું સુખ થયું. તેમણે આશિષ દઈને સીતાજીને પાસે બેસાડ્યાં.

દિબ્ય બસન ભૂષન પહિરાએ, જે નિત નૂતન અમલ સુહાએ ।

અને તેમને દિવ્ય વસ્ત્રાભૂષણો પહેરાવ્યાં કે જે નિત્ય નવીન, નિર્મળ અને સુંદર રહે.

કહ રિષિબધૂ સરદ મૃદુબાની, નારિધર્મ કછુ બ્યાજ બખાની ॥
માતુપિતા ભ્રાતા હિતકારી, મિતપ્રદસબ સુનુ રાજકુમારી ॥

અમિત દાની ભર્તા બયદેહી અધમ સો નારી જો સેવ ન તેહી.
ધીરજ ધર્મ મિત્ર અરુ નારી આપદ કાલ પરિખિ અહિ ચારી ॥

---

**વહાલ કરે તે મા, ન્યાલ કરે તે ક્ષમા.**

---

ઋષિપત્ની (અનસૂયા) તે સીતાને બહાને અને મધુર તથા કોમળ વાણીથી કંઇક સ્ત્રી ધર્મોનું વર્ણન કરી રહી છે. હે રાજકુમારી! સાંભળો. માતા, પિતા, ભાઇ, બધા હિત કરનારા છે, પરંતુ તેઓ બધાં માપેલું ફળ-(મર્યાદિત ફળ) આપનારા છે. પણ હે જાનકી! પતિ તો (મોક્ષરૂપ) અમાપ (ફળ) આપનાર છે. એવા પતિની જે સેવા નથી કરતી તે સ્ત્રી અધમ છે. ધીરજ, ધર્મ, મિત્ર અને સ્ત્રી આ ચારેયની પરીક્ષા વિપત્તિના સમયે જ થાય છે.

બૃદ્ધ રોગ બસ જડ, ધનહીના, અંધ, બધિર, ક્રોધી અતિ દીના ||
ઐસેહુ પતિ કર કિએ અપમાના, નારિ પાવ જમપુર દુઃખ નાના ||

વૃદ્ધ, રોગી, મૂર્ખ, નિર્ધન, આંધળો, બહેરો, ક્રોધી અને અત્યંત ગરીબ- એવા પતિનું પણ અપમાન કરવાથી સ્ત્રી યમપુરમાં અનેક દુઃખ પામે છે.

એકઇ ધર્મ એક બ્રત નેમા, કાર્ય બચન મન પતિ પદ પ્રેમા ||
જગ પતિબ્રતા ચારિ બિધિ અહહીં, બેદ પુરાન સંત સબ કહહીં ||

સ્ત્રી માટે એક જ ધર્મ અને એક જ વ્રત-નિયમ છે કે એણે કાયા-વાચા-મનથી પતિના ચરણોમાં પ્રેમ કરવો. જગતમાં ચાર પ્રકારની પતિવ્રતાઓ છે એ વેદ-પુરાણ તથા બધા સંતો કહે છે.

આમ અનસૂયા માતાએ સ્ત્રીના પતિધર્મો સમજાવ્યા. એ સાંભળી સીતાજી પરમ સુખ પામ્યા અને તેમણે આદરપૂર્વક અનસૂયા માતાના ચરણોમાં મસ્તક નમાવ્યું.

પતિની એકનિષ્ઠ સેવાથી માતા અનસૂયાએ દેવોને બાળક બનાવી દીધા અને શાંડિલીએ સૂર્યને ઊગતો અટકાવી દીધો. માતાની,

પિતાની અને પતિની સેવા કરનાર ધારે તે કરી શકે. માતા-પિતાની સેવાના જોરે પુંડરિકે-પાંડુરંગને ઇંટ ઉપર ઊભા કરી દીધા.

ગોવિંદ શર્મા નામનો એક બ્રાહ્મણ એની પત્ની સાથે રહેતો હતો. પત્નીનું નામ યશોદા હતું. ખેતી પર એનું ગુજરાન ચાલતું હતું. એને એક નાનો દીકરો હતો. એક દિવસ સમી સાંજના ખેતરેથી ઘરે આવતાં માથે લાકડાનો મોટો ભારો મૂકીને લાવ્યો. ઘરમાં આવીને એણે લાકડાનો ભારો નીચે નાંખ્યો. અંધારામાં એને ખ્યાલ ન આવ્યો કે આ ભારો જયાં ફેંક્યો ત્યાં તો એનો પુત્ર સૂતેલો હતો. લાકડાના ભારાથી પુત્રનું મૃત્યુ થયું.

પુત્રનું મૃત્યુ થયું છે એ વાતની ગોવિંદ શર્માને ખબર પડી નહિ. પરંતુ એની પત્નીને એની જાણ થઇ. પતિને ખબર ન પડે એમ મરેલા બાળકને ઊંચકીને ઘરમાં સૂવાડી દીધો.

સાંજના ગોવિંદ શર્મા જમવા બેઠો ત્યારે નાના છોકરાને યાદ કર્યો. પત્નીએ કહ્યું કે એ થાકેલો હોવાથી સૂઇ ગયો છે, તમે તમારી મેળે જમી લો. ગોવિંદ શર્મા જમીને સૂઇ ગયો. સવારે ઊઠ્યો ત્યારે એના શરીર પર જીવાત ફરતી હતી.

એક દિવસ ગાયોને લઇ ગોવિંદ શર્મા જંગલમાં ગયો. સાંજે ગાયોને શોધી તો ગાયો ભૂલી પડી ગઇ હતી. તપાસ કરતાં ખબર પડી કે અનસૂયા આશ્રમ પાસેની ખાડીના કાદવમાં ખૂંપી ગઇ હતી. ગોવિંદ શર્માએ અંદર ઉતરી ગાયોને કાઢી. આ ગાયોને કાઢવા માટે ગોવિંદ શર્મા પણ કાદવમાં ઉતર્યો હતો એટલે એના શરીરે કાદવ લાગ્યો હતો. બહાર નીકળીને પછી એણે નદીમાં સ્નાન કર્યું અને

પોતે સ્વચ્છ થયો. ચમત્કારની વાત એવી હતી કે હત્યાના પાપને કારણે એનું શરીર બગડ્યું હતું તે શરીર સારું થઇ ગયું અને કંચનવર્ણી કાયા થઇ ગઇ.

પતિ-સેવા અને માતા-પિતાની સેવાનું મહત્ત્વ સમજાવતું એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

એક વ્યક્તિ ઘરબાર છોડી જંગલમાં ગયો. ત્યાં જઇ તેણે આકરી તપશ્ચર્યા કરી. બાર વરસની તપશ્ચર્યા બાદ એને સિદ્ધિ મળી. એ સિદ્ધિની ખાતરી કરવા એણે ઝાડ ઉપર બેઠેલા એક પક્ષી પર ત્રાટક કર્યું. ત્રાટકને પરિણામે પક્ષી તરફડીને નીચે પડ્યું અને મરી ગયું. પોતાની શક્તિની ખાતરી થતાં અભિમાની થઇને એ વ્યક્તિ ગામમાં ભિક્ષા માગવા ગઇ.

'ભિક્ષાં દેહિ'ની ટહેલ નાંખી. ઘરમાંથી કોઇ તરત આવ્યું નહિ એટલે ક્રોધમાં મોટેથી પોકાર કર્યો. એક-બે વાર મોટેથી બોલ્યા એટલે ઘરમાંથી એક બહેન બહાર આવ્યા અને કહ્યું: "મહારાજ! જરા ધીરેથી બોલો અને ધીરજ રાખો. હું કાંઇ ઝાડ ઉપરનું પક્ષી નથી કે તરફડીને નીચે પડી મરી જાઉં." મહારાજ તો નવાઇ પામી ગયા. એણે પૂછ્યું કે બહેન! અહીંથી માઇલો દૂર બનેલા બનાવની તને કેવી રીતે જાણ થઇ? પેલી બહેને કહ્યું કે આ ગામને પાદરે એક ખાટકી માંસ વેચે છે. એને જઇને પૂછજો. એ તમને બધું કહેશે.

મહારાજ તો ગામના પાદરે ગયા તો બપોરના બાર વાગ્યા હતા. પેલી વ્યક્તિ દુકાન બંધ કરીને ઘરે જવાની તૈયારી કરતો હતો. ખાટકીએ મહારાજને સીધું જ પૂછ્યું કે 'પેલા બહેને મોકલ્યા છે ને!'

મહારાજ તો દંગ થઇ ગયા. ખાટકીએ કહ્યું કે 'તમે મારી સાથે ઘરે ચાલો. તમને હું બધી વાત સમજાવું.' ખાટકીએ મહારાજને ઓટલે બેસાડી કહ્યુંઃ 'થોડીવાર બેસો! હું આવું છું.' મહારાજ તો રાહ જોતા અડધો કલાક બેસી રહ્યા. ગુસ્સો તો આવ્યો પણ ગુસ્સો કર્યે ચાલે એમ ન હતું.

પેલો ભાઇ અડધો-પોણો કલાકે બહાર આવ્યો અને કહ્યુંઃ જુઓ મહારાજ! તમે જે સિદ્ધિ બાર વર્ષે તપ કરીને મેળવી છે તે સિદ્ધિ પેલા બહેનને પતિની સેવા કરવાથી સહેજે મળી છે. તમને બહેને મોકલ્યા છે એ મેં જે જાણ્યું તે મારા માતા-પિતાની સેવાનું ફળ છે. તમારે રાહ જોવી પડી તેનું કારણ મારે માતા-પિતાને સ્નાન કરાવી તેમને ભોજન કરાવવાનું હતું તે હતું.

માતા-પિતાનું માહાત્મ્ય ગાતાં કવિ કહે છેઃ

માતપિતા પદ સો સબ તીરથ,
માતપિતા નવ ભાતિ નિધિ હૈ ।
માતપિતા ગુરુ, માતપિતા સુરુ
માતપિતા સબ દાનવિધિ હૈ ।
માતપિતાપદ કલ્પતરુ, અરુ
માતપિતા રેનુ રિદ્ધિ હૈ ।
સાધન સિદ્ધ ન શોધત હો કછુ
મેરે તો માતપિતા હિ સુસિદ્ધિ હૈ ।

મહારાજને થયું ઘરમાં રહીને પણ આવી સિદ્ધિ સહજતાથી મેળવી શકાતી હોય તો પછી જંગલમાં જવાની શી જરૂર?

## અનસૂયાબાવનીનું ફળ અને વિધિઃ

જે સ્ત્રી માતા અનસૂયાના જીવન જેવું પતિસેવાવ્રતવાળું જીવન જીવે છે તેનો રોજ-રોજ ઉત્દુર્ષ થાય છે, તેની ઉન્નતિ થાય છે. અનસૂયા માતાના સ્થાનની માટીનો લેપ કરવાથી ચામડીના સૌ રોગો (Skin Diseases) નાશ પામે છે. જે કોઈ દીવો કરીને નિત્ય નિયમસર ત્રણવાર (સવાર-બપોર-સાંજ) અનસૂયાબાવની કરે છે તેને અનસૂયા માત કૃપા કરી આ લોકમાં વૈભવ આપે છે અને પરલોકમાં પરમપદ-મુક્તિ આપે છે. બાવન રવિવાર બાવન વાર અનસૂયાબાવનીના પાઠ કરવાથી તેના રોગો નાશ પામે છે અને તેની મનોકામના પૂરી થાય છે. (દર રવિવારે બાવન પાઠ એવા બાવન રવિવાર કરવાના.)

આ બાવનીના રચયિતા શ્રી વિષ્ણુપ્રસાદ કહે છે કે હે મા! હું તો મંદમતિનો છું. હું તારા દિવ્ય અને અનંત ચરિત્રનું શું વર્ણન કરી શકું?

# અનસૂયા સ્તોત્ર

પતિવ્રતાશિરોરત્નભૂતા સુંદર વિગ્રહા |
સુચરિત્રા દિવ્યતેજાઃ સર્વલોક નમસ્કૃતા ||૧||
વિષ્ણુપ્રપૌત્રી કપૌત્રી સતી કર્દમપુત્રિકા |
દેવહૂતિસમુત્પન્ના સુમુખી કપિલસ્વસા ||૨||
અત્રિપત્ની મહાભાગા દયાક્ષાંત્યાદિભૂષિતા |
અનસૂયા વેદગેયા નિજધર્મજિતાખિલા ||૩||
શ્રીદત્તાત્રેયજનની ચંદ્રમાતા મનસ્વિની |
દુર્વાસોજનચિત્રીશા જગત્સંકટવારિણી ||૪||
ચતુર્વિંશતિ નામાનિ મંગલાની પરાણિ ચ |
પાવનાન્યનસૂયાયા દત્તમાતુઃ પઠેન્નરઃ ||૫||
ત્રિકાલમેકકાલં વા શ્રદ્ધાભક્તિ સમન્વિતઃ
તસ્ય ધર્મે રુચિર્દતભુક્તિર્મુક્તિઃ ક્રમાદ્ભવેત્ ||૬||

-પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ

□ □ □

## પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ વિરચિત સ્તોત્રમાં આવતા ચોવીસ નામો વિશે

(૧) પતિવ્રતાશિરોરત્ન - પતિવ્રતાઓમાં ઉત્તમ રત્ન સમાન.

(૨) ભૂતા સુંદર વિગ્રહાઃ સુંદર શરીરવાળી.

(૩) સુચરિત્રાઃ સારા ચારિત્ર્યવાળી.

(૪) દિવ્યતેજાઃ દિવ્ય તેજવાળી.

(૫) સર્વલોકનમસ્કૃતાઃ સર્વ લોકોથી નમસ્કાર કરાતી.

(૬) વિષ્ણુ પ્રપૌત્રીઃ વિષ્ણુના પુત્રના પુત્રની પુત્રી (પ્રપૌત્રી)

(૭) કપૌત્રીઃ બ્રહ્મા (ક)ના પુત્રની પુત્રી (પૌત્રી)

(૮) સતીઃ સતી.

(૯) કર્દમપુત્રિકાઃ કર્દમની પુત્રી.

(૧૦) દેવહૂતિ સમુત્પન્નાઃ દેવહૂતિથી ઉત્પન્ન થયેલી.

(૧૧) સુમુખીઃ સુંદર મુખવાળી.

(૧૨) કપિલસ્વસાઃ કપિલની બહેન (સ્વસા).

(૧૩) અત્રિપત્નીઃ અત્રિની પત્ની.

(૧૪) મહાભાગાઃ મહાન ભાગ્યશાળી.

(૧૫) દયાક્ષાન્ત્યાદિભૂપિતાઃ દયા, ક્ષમા(ક્ષાન્તિ) વગેરેથી વિભૂષિત.

(૧૬) અનસૂયાઃ અસૂયા વગરની, અસૂયા રહિત.

(૧૭) વેદગેયાઃ વેદથી ગવાયેલી.

(૧૮) નિજધર્મજિતાખિલાઃ પોતાના ધર્મપાલનથી બધાને જીતનારી.

(૧૯) શ્રી દત્તાત્રેયજનનીઃ શ્રી દત્તાત્રેયની માતા.

(૨૦) ચંદ્રમાતાઃ ચંદ્રની માતા.

(૨૧) મનસ્વિનીઃ મનસ્વિની.

(૨૨) દુર્વાસોજનયિત્રિઃ દુર્વાસાને જન્મ આપનારી.

(૨૩) ઈશાઃ ઈશરૂપ.

(૨૪) જગત્સંકટવારિણીઃ જગતના સંકટોને વારનારી.

□ □ □

## અનસૂયા અઠ્ઠાવીસનામ સ્તોત્ર

અનસૂયા મહાભાગા પતિવ્રતા શિરોમણિ
પ્રપૌત્રી ચક્રપાણીની બ્રહ્માપૌત્રી તપસ્વિની. ...૧.

દેવહૂતિ સુતા સાધ્વી નિર્મોહા વેદવર્ણિતા
કર્દમતનયા સ્વંગી નિજધર્મવિષેરતા. ...૨.

દુર્વાસાજનની દિવ્યા દત્તમાતા દયાવતી
સુશીલા ચંદ્રજનેતા અત્રિકાન્તા મહાસતી. ...૩.

અન્નપૂર્ણા સુચરિત્રા પુત્રદા કપિલાગ્રજા,
કૌશિક પ્રાણદા ઈશા ચર્મરોગ વિનાશિની. ...૪.

અનસૂયા તણા નામ આઠ ને વીસ પવિત્ર,
શ્રેષ્ઠ ને મંગલકારી ભણતાં નિત્ય માનવ- ...૫.

ત્રણ કે એક કાલે જે શ્રદ્ધા ને ભક્તિ ભાવથી,
પામે તે ભોગ ને મોક્ષ અહીં તહીં ક્રમે કરી. ...૬.

□ □ □

નોંધઃ વિષ્ણુના પુત્ર બ્રહ્મા. બ્રહ્માનો પુત્ર કર્દમ અને કર્દમની પુત્રી અનસૂયા તેથી પ્રપોત્રી.

કપોત્રીઃ ક એટલે બ્રહ્મા અને તેની પૌત્રી (પુત્રની પુત્રી).

**'મા'ના રેંટિયામાં સમાય પણ બાપના રાજમાં ના સમાય.**

# અનસૂયા અઠ્ઠાવીસ નામોનું સ્તોત્ર

(૧) અનસૂયા.
(૨) મહાભાગા.
(૩) પતિવ્રતા શિરોમણિ.
(૪) પ્રપૌત્રી ચક્રપાણિની.
(૫) બ્રહ્મપૌત્રી.
(૬) તપસ્વિની.
(૭) દેવહૂતિ સુતા.
(૮) સાધ્વી.
(૯) નિર્મોહા.
(૧૦) વેદવર્ણિની.
(૧૧) કર્દમતનયા.
(૧૨) સ્વંગી.
(૧૩) નિજધર્મવિષેરતા
(૧૪) દુર્વાસાજનની.
(૧૫) દિવ્યા.
(૧૬) દત્તમાતા.
(૧૭) દયાવતી.
(૧૮) સુશીલા.
(૧૯) ચંદ્રજનેતા.
(૨૦) અત્રિકાન્તા.
(૨૧) મહાસતી.
(૨૨) અન્નપૂર્ણા.
(૨૩) સુચરિત્રા.
(૨૪) પુત્રદા.
(૨૫) કપિલાગ્રજા.
(૨૬) કૌશિક પ્રાણદા.
(૨૭) ઈશા.
(૨૮) ચર્મરોગ વિનાશિની.

# કર્દમ-દેવહૂતિ આખ્યાન

અનસૂયા એ કર્દમ અને દેવહૂતિની પુત્રી અને અત્રિની પત્ની. ભારત દેશ જ્યારે હિંદુસ્તાનના નામે ઓળખાતો હતો ત્યારની વાત છે. હિંદુસ્તાનમાં ગુજરાત પ્રદેશમાં સિદ્ધપુર નામનું તીર્થક્ષેત્ર છે. આ તીર્થક્ષેત્રનું માહાત્મ્ય એટલે સિદ્ધપુરનું માહાત્મ્ય.

પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજે શ્રીગુરુલીલામૃતના ઉપાસના કાંડના અધ્યાય ૧૨૯માં આ ક્ષેત્રની ઉત્પત્તિ અને તેનું માહાત્મ્ય વિગતે વર્ણવ્યું છે. પૂ.શ્રી લખે છે.

સપ્ત પ્રજાપતિમાંહ્ય જે કર્દમ નામે જાણ,
માનસપુત્ર વિરિંચિનો તાતાજ્ઞાથી માન
આવી સરસ્વતીને તટે કરે તપસ્યા એહ,
દશ સહસ્ર વર્ષો સુધી, થઈ કાષ્ટવત્ દેહ. (દો. ૨-૩)

બ્રહ્માના સાત પ્રજાપતિઓ પૈકીના એક તે કર્દમ. કર્દમને પિતાએ આજ્ઞા કરી કે સરસ્વતી નદીના કિનારે તપશ્ચર્યા કરો. પિતાની આજ્ઞા શિરોમાન્ય કરીને કર્દમ સરસ્વતી નદીના કિનારે આવ્યા અને આકરી તપશ્ચર્યા કરવા લાગ્યા. દશ હજાર વર્ષો સુધી તપ કરવાથી શરીર કાષ્ટવત્ - લાકડા જેવું - થઈ ગયું.

એમની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા શ્રી વિષ્ણુ ભગવાને એમને દર્શન આપ્યા. કર્દમ ઋષિએ એમની સ્તુતિ કરી. કર્દમ ઋષિની સ્તુતિ સાંભળીને અને એનું તપ જોઈએ ભગવાન ગદગદિત થઈ ગયા. એમને એમની સાત્ત્વિક તપશ્ચર્યાથી આનંદ થયો એટલે એમની

આંખમાંથી હર્ષના બિંદુઓ ઝર્યા. જે સ્થળે આ હર્ષના બિંદુઓ પડ્યાં તે જ સ્થળે બિંદુ સરોવર અસ્તિત્વમાં આવ્યું.

ભગવાને કર્દમને લગ્ન કરવાની આજ્ઞા કરી અને કહ્યું કે મનુ તથા શતરૂપાની દીકરી દેવહૂતિ સાથે તું લગ્ન કર.

ગૃહસ્થાશ્રમની ધન્યતા તપશ્ચર્યા પછી ભગવાનની ઈચ્છા મુજબ લગ્ન કરી લગ્ન જીવન જીવવામાં છે.

સ્વાયંભુ મનુરાજા અને શતરૂપા રાણીને દેવહૂતિ નામની દીકરી હતી. તે પરણવા યોગ્ય થઇ એટલે નારદમુનિએ મનુરાજાને કહ્યું કે તમે તમારી પુત્રીનો વિવાહ કર્દમ ઋષિ સાથે કરો. મનુરાજા અને શતરૂપા રાણી પોતાની પુત્રી દેવહૂતિને લઈને સિદ્ધપુર ગયા. કર્દમ ઋષિના આશ્રમે ગયા એટલે ઋષિએ ત્રણેને બેસવા માટે આસન મૂક્યાં.

મનુ અને શતરૂપા કર્દમ ઋષિએ મૂકેલા આસન ઉપર બેઠા પરંતુ દેવહૂતિના મનમાં મૂંઝવણ થઈ. આસન ઉપર બેસવું કે કેમ એવો પ્રશ્ન મનમાં જાગ્યો. એમને થયું કે જો કર્દમ ઋષિ મારી સાથે વિવાહ સ્વીકારે તો મારે પતિની સેવા કરવાની હોય. મારાથી પતિની સેવા ન લેવાય. પરંતુ એમણે મૂકેલા આસન ઉપર ના બેસું તો મેં અનાદર કર્યો એવું કહેવાય જે અવિવેક છે. દેવહૂતિ આસન પર ન બેઠા. આસન પાસે ભૂમિ પર બેસી ગયા અને એમનો જમણો હાથ આસન પર મૂકી દીધો. “ભણેલા નહિ પણ ગણેલા” તે આનું નામ.

પતિને પરમેશ્વર માની, પતિની સેવામાં જ ઈશ્વરની સેવા માનીને જીવન જીવતી આર્યનારીનું સતીત્વ એને સમર્થ બનાવે છે.

---

**સતીયોગથી નર લભે ચતુર્વિધ પુરુષાર્થ.**

---

અહીં એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે. મનુ ભગવાન એ રાજા છે અને કર્દમ ઋષિ એ બ્રાહ્મણ છે. તો ક્ષત્રિયની કન્યા અને બ્રાહ્મણ પુરુષનું લગ્ન ધર્મને સ્વીકાર્ય છે. કન્યાને પોતાનાથી ઊંચી જ્ઞાતિમાં પરણવાની ધર્મ છૂટ આપે છે. પરાશર અને મત્સ્ય કન્યા, જમદગ્નિ અને રેણુકા, રુચિક અને સત્યવતી એ આ પ્રકારના લગ્ન છે. પરંતુ કન્યાને એની જ્ઞાતિથી ઉતરતી જ્ઞાતિના પુરુષ સાથે પરણવાની ધર્મ છૂટ આપતો નથી.

કોઈના શાપને કારણે બ્રાહ્મણની કન્યા ક્ષત્રિયને પરણે તો એ બ્રાહ્મણ કન્યાને થયેલી શિક્ષા છે. શુક્રાચાર્યની કન્યા દેવયાની યયાતિને-ક્ષત્રિયને પરણી તે કચના શાપનું પરિણામ છે.

કર્દમ ઋષિએ મનુ અને શતરૂપાની દીકરી દેવહૂતિ સાથેનો વિવાહ સ્વીકાર્યો.

તુલસીકૃત રામાયણમાં બાલકાંડમાં સંત તુલસીદાસજી આ પ્રસંગને વર્ણવતાં લખે છે કેઃ

સ્વાયંભૂ મનુ અરુ સતરૂપા જિન્હ તેં ભૈ નરસૃષ્ટિ અનૂપા।
દંપતી ધરમ આચરન નીકા અજહુંગાવ શ્રુતિ જિન્હ કૈ લીકા॥
નૃપ ઉત્તાનપાદ સુત તાસૂ ધ્રુવ હરિભગત ભયઉ સુત જાસૂ।
લઘુ સુત નામ પ્રિયબ્રત તાહી બેદ પુરાન પ્રસંસહિં જાહી॥
દેવહૂતિ પુનિ તાસુ કુમારી જો મુનિ કર્દમ કૈ પ્રિય નારી।
આદિદેવ પ્રભુ દીનદયાલા જઠર ધરેઉ જેહિં કપિલ કૃપાલ॥
સાંખ્ય શાસ્ત્ર જિન્હ પ્રગટ બખાના તત્ત્વબિચાર નિપુન ભગવાના।
તેહિં મનુ રાજ કિન્હ બહુ કાલા પ્રભુ આયસુ સબ બિધિ પ્રતિપાલા॥

કર્દમ ઋષિએ દેવહૂતિ સાથે લગ્ન કરતાં પહેલાં એક શરત મૂકી જેનો દેવહૂતિએ સ્વીકાર કર્યો. શરત શું હતી? પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ શ્રીગુરુલીલામૃતના ૧૨૯મા અધ્યાયમાં લખે છે કેઃ

મનુ પ્રાર્થના એ સૂણી વદે મુનીશ્વર ત્યાંય,
સાંભળ આ મદ્વાક્યને, ત્વત્કન્યાને આંહ્ય-
થતાં પુત્ર હું નિશ્ચયે છોડી ગૃહસ્થાશ્રમ,
જઈશ વનમાં તત્ક્ષણે લઈ તુર્ય આશ્રમ.

(દો. ૨૪-૨૫)

તમારી દીકરીને દીકરો થશે પછી હું ઘર છોડીને સંન્યસ્ત લઈશ એ શરત હતી. આ શરતને મંજૂરી મળતાં લગ્ન થયું. મૃત્યુલોકમાં સૃષ્ટિના પ્રારંભે આ જ પહેલું લગ્ન થયું તેથી આ સ્થળ શ્રીક્ષેત્ર તરીકે ઓળખાવવા લાગ્યું.

કર્દમમુનિ અને દેવહૂતિના લગ્ન થયાં. પતિના પગલે પગલે ચાલનારી અને પતિની સેવામાં રત રહેનારી દેવહૂતિ કર્દમમુનિની આંખના ઈશારે જીવન કાર્ય કરતી હતી.

□ □ □

# કર્દમ અને દેવહૂતિના દામ્પત્ય જીવનનું વર્ણન

## માર્કંડેય પુરાણ મુજબ

"શંકર ભગવાનની પાર્વતી સેવા કરે તેમ ઈશારામાં સમજી જનારી સુશીલ (દેવહૂતિ) પતિની નિત્ય સેવા કરવા લાગી. પ્રિયાને પ્રિય શું છે એ શોધતાં કર્દમે યોગનો આશ્રય લઈ, ઈચ્છા મુજબ ચાલે તેવું વિમાન તે વારે જ રચ્યું. સર્વ ઈચ્છાઓ જેમાં પાર પડે તેવું દિવ્ય, સર્વ રત્નોથી ભરેલું, સર્વ ઋદ્ધિઓના ઢગલા અને ભાવિમાં શુભ ફળવાળું, મણિના થાંભલાથી તૈયાર થયેલું એવું એ ઘર પણ ખાસ પ્રસન્ન મન વગર જોતી, સર્વ પ્રાણીઓના મનને જાણનાર કર્દમ જાતે જ બોલ્યાઃ હે ગભરુ! આ ધરામાં તું ડૂબકી માર અને પછી વિમાનમાં ચઢ. ભગવાનનું કરેલું આ તીર્થ (બિંદુ સરોવર) મનુષ્યોની આશાઓને પાર પાડનારું છે. ભરથાર (કર્દમ)નું વચન માથે ચઢાવી, રજોટાયેલાં વસ્ત્રવાળી, વણાઈ ગયેલા વાળવાળી, મેલના લપેડાઓથી છવાયેલા અંગવાળી અને તેથી કાબરાં બનેલાં સ્તનવાળી તે કમલનયના(દેવહૂતિ)એ અંદર ભરેલાં કલ્યાણકારી જળવાળા સરસ્વતીના તે સરોવરમાં ડૂબકી મારી. તેણે સરોવરની અંદર પ્રેમથી સ્નાન કર્યું. દેવહૂતિએ ડૂબકી મારી ત્યારે સરોવરની અંદર કિશોર વયની, કમલ જેવી સુગંધ ફોરતી અનેક કન્યાઓ જોઈ. દેવહૂતિને જોઈને એ બધી કન્યાઓ સફાળી ઊભી થઈ ગઈ અને કહેવા લાગી કે અમે બધી તમારી દાસીઓ છીએ. અમને આજ્ઞા કરો કે અમે શું કામ કરીએ? માનપૂર્વક વર્તનારી તે દાસીઓએ દેવહૂતિને માનપૂર્વક નવરાવી, સ્વચ્છ નવા રેશમી વસ્ત્રો આપ્યાં. મનને ગમી જાય એવા

ચમકારા મારતા મહામૂલા અલંકારો, સર્વ ગુણવાળું અન્ન અને અમૃત જેવા આસવનાં પીણાં આપ્યાં. શરીર ઉપરથી મેલ ઉતરી જવાથી, પૂર્વે ન હોય તેવા તેજથી ચમકતી, સુડોળ સુંદર સ્તનથી પોતાના અસલ રૂપમાં આવી ગયેલી, મનોહર અનેક દાસીઓથી સેવાયેલી, સુંદર વસ્ત્ર ધારણ કરેલી તેને જોઈને ભાવાવેશમાં આવેલા કર્દમ મુનિ વિમાનમાં ચઢ્યા અને પોતાના મહિમાને આંચ આવવા દીધા વગર, ઈચ્છા પ્રમાણે ચાલનારા વિમાનથી મેરુની ગુફા વગેરેમાં આનંદ કર્યો.”

પૂ. રંગ અવધૂત મહારાજ કર્દમ-દેવહૂતિના દામ્પત્ય જીવનનું વર્ણન કરતાં લખે છેઃ

કાયા, વાચા, મન થકી સેવા અનન્ય એહ,
દેવહૂતિ મનુ કન્યકા કરે કંથની તેહ.
રાતદિવસ સેવામહીં રહે ખંતથી તેમ,
આવી કૃશતા દેહમાં કરતાં સેવા એમ.
ગયો કાળ કંઈ એમ ત્યાં, થયા તુષ્ટ ઋષિરાય,
કહે એકદા હે પ્રિયે! ત્યજી રાજ્યસુખ આંહ્ય-
એકનિષ્ઠ તેં માહરી કીધી સેવા જેહ,
પતિસેવાતપથી થઈ કૃશ અતિ તુજ દેહ.
દિવ્ય દૃષ્ટિ આપું હવે, જેથી ભવભય નાશ-
થઈ, દુઃખ રે’શે નહીં, પૂર્ણાનંદે ખાસ-
રહીશ મગ્ન તું સર્વદા, ના કર ઉર સંદેહ!
વંદે દેવહૂતિ સૂણી પતિવચન ત્યાં એહઃ-

લગ્ન પ્રસંગે જે કરી નાથ પ્રતિજ્ઞા આંહ્ય,
થઇ પૂર્ણ ના તે હજી! સૂણી એહ મુનિ ત્યાંય.

અદ્‌ભુત એક વિમાન ત્યાં યોગપ્રભાવે જાણ;
કરે ઉત્પન્ન ક્ષણ મહીં, પલકવારમાં માન-

જાય જેહ ઇચ્છિત સ્થળે, સ્વયંપૂર્ણ જે તેમ-
દાસ-દાસી આદિક બધી સામગ્રીથી એમ.

ન્યૂન એક વસ્તુ નહીં ખાદ્ય-પેય-મુખવાસ;
ભર્યું હવા ઉજાસથી, તેજે રવિ સમ ખાસ.

જોઇ એહ વિસ્મિત થઇ દેવહૂતિ એ ત્યાંય,
પિતૃરાજ્ય સંપત્તિ ભૂલી વદે મનમાંહ્યઃ-

અહો યોગસામર્થ્ય આ દેવલોકથી એમ-
શ્રેષ્ઠ ઐશ્વર્ય યોગીનું દીઠું પ્રત્યક્ષ તેમ!!

વદે ઋષીશ્વર એહનેઃ- પ્રિયે! કરીને સ્નાન,
વસ્ત્રાલંકારો બધા કરી શીઘ્ર પરિધાન.

દિવ્ય વિમાને બેસ આ દાસ-દાસી સહ એમ!
મુનિવચન એ સાંભળી દાસીજન સપ્રેમ.

સુગંધ દ્રવ્યો ચોળીને દેવહૂતિને જાણ,
તેલ નાંખીને વાળમાં ઓળી સુંદર માન.

ઉષ્ણોદકથી સર્વ એ ન્હવડાવી તત્કાળ,
સ્નાનોત્તર વપુને ફરી ઉત્તમ પરિમલ સાર-
ચર્ચી, કંકુમાદિક કરી, દિવ્યાભૂષણ તેમ,
પ્હેરાવી, સાડી જરિયન પ્હેરાવે એમ;
ઝાલી હાથ સન્માનથી દિવ્ય મંદિરે ત્યાંય
રત્નજડિત પર્યંક પર બેસાડી વરકાય.
લઈ વ્યજન કરમાં સહુ નાંખે પંખો તેમ!
કર્દમ મુનિ પણ વેગથી આવી મંચકે એમ.
બેસી યોગબળે તદા કરતાં આજ્ઞા ત્યાંય,
તેજઃપુંજ વિમાન એ ઊડે ક્ષણે નભ માંહ્ય.
સરસ્વતીતટથી તથા ઊડી ક્ષણમાં એહ,
આવ્યું સુમેરુપર્વતે મનોવેગથી તેહ.
ધો ધો શબ્દે જ્યાં પડે ગંગા પાવન જાણ,
કોણ મનુષ્ય બાપડા જાવા ત્યાંય પ્રમાણ?
શક્તિ અલૌકિક ઋષિ તણી! ગયા ક્રીડાર્થ ત્યાંય,
વિહાર સ્થાનો દેવનાં ઓપે અગણિત જ્યાંય.

(અ. ૧૨૯ દો. ૩૧ થી ૫૩)

પતિની એકનિષ્ઠ ભાવે સેવા કરી કાયાને કષ્ટ દેનારી સતી દેવહૂતિ વખત આવ્યે લગ્નજીવન માણવા માટેની વાત કરી શકે છે અને કર્દમ ઋષિ પણ એનો સહર્ષ સ્વીકાર કરી એ માટેની બધી

ભવ્ય તૈયારી કરે છે. આ છે મધુર દામ્પત્ય જીવનની ઝલક. લગ્ન જીવન-ગૃહસ્થ જીવન પવિત્રતાથી જીવાય તો ગૃહસ્થાશ્રમ ધન્ય થઇ જાય અને દેવને પણ સતીની કૂખે જન્મ લેવાની ઈચ્છા થાય.

માર્કંડેય પુરાણમાં આ મધુર દામ્પત્ય જીવનની મુસાફરીનું અને તે દ્વારા સંતાન પ્રાપ્તિનું વર્ણન કરતાં જણાવ્યું છે કેઃ "અનેક આશ્ચર્યથી ભરેલી આખી ભૂગોળ આ રીતે પત્નીને બતાવીને તે મહાયોગી આશ્રમમાં પાછા આવ્યાં. કંઈક કામભાવને વશ થઇ યોગના પ્રભાવથી આ રીતે આનંદ માણતાં દંપતીની સો શરદઋતુઓ જતી રહી. પોતાને પારખનારા મુનિએ તેની સાથે ભાવથી રહેતાં દેવહૂતિમાં ગર્ભાધાન કર્યું. સર્વના મનના વિચાર સમજનારા એ સમર્થ મુનિએ પોતાના સ્વરૂપને નવ પ્રકારે વિભાજીત કર્યું. તેથી દેવહૂતિને નવ કન્યાઓ જન્મી. તે બધી સર્વાંગ સુંદર અને લાલ કમળના જેવી સુગંધવાળી હતી. આ નવ કન્યાના નામ કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભૂ, ગતિ, સત્ક્રિયા, ખ્યાતિ, અરુંધતી અને શાન્તિ એવા રાખ્યાં.

દામ્પત્ય જીવનની મધુરી સફર માણ્યા પછી નવ દીકરીના સંસાર સાથે કર્દમ મુનિ અને દેવહૂતિ પાછા સરસ્વતી નદીના તટે આવી પહોંચ્યા. કર્દમ મુનિ પછી તુર્યાશ્રમ (ચોથો આશ્રમ)-સંન્યસ્તાશ્રમ લેવાનો વિચાર કરવા લાગ્યા એટલે દેવહૂતિએ કહ્યું કેઃ "નાથ! પહેલાં તો નવ કન્યાઓને યોગ્ય વર સાથે પરણાવો અને પછી મારો શોક હરે એવો બ્રહ્મજ્ઞાની પુત્ર મને થાય પછી આપ સંન્યસ્ત ગ્રહણ કરો."

કર્દમ મુનિએ દેવહૂતિને નિર્ગુણ ઈશનું ચિંતન કરવાનું કહ્યું

જેથી બ્રહ્મજ્ઞાની પુત્ર થાય. આ પ્રસંગનું વર્ણન કરતાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ શ્રીગુરુલીલામૃતમાં લખે છેઃ

નિર્ગુણધ્યાને ઈશનું કર ચિંતન સપ્રેમ
કૃપાપ્રસાદે એહના બ્રહ્મજ્ઞાની તેમ-
થશે પુત્ર તુજને નકી, મા શંકા કર આન!
સૂણી દેવહૂતિ તથા પરમેશ્વરનું ધ્યાન-
ધરે એકનિષ્ઠા થકી, જોઈ તપસ્યા એહ,
થયા ચક્રપાણી તદા પ્રસન્ન મધુરિપુ[1] તેહ.
કર્દમ ઋષિના તેજથી દેવહૂતિના તેમ,
કરે ગર્ભમાં તત્ક્ષણે પ્રવેશ શ્રીહરિ એમ.
નવ માસ દશમે દિને થયા પ્રગટ ત્યાં જાણ
સાંખ્યશાસ્ત્રકર્તા તદા ઋષિકેશ ભગવાન!

(અ. ૧૨૯ દો. ૬૩ થી ૬૭)

પુત્ર જન્મથી બધે આનંદ આનંદ થઈ ગયો. પુત્રનું નામ કપિલ રાખ્યું જે પાછળથી સિદ્ધ કપિલ મુનિ તરીકે પ્રખ્યાત થયાં.

કર્દમ મુનિએ પછી નવે દીકરીઓનાં લગ્ન કર્યાં. કલા નામની દીકરીને મરીચિ ઋષિ સાથે પરણાવી. અનસૂયાના લગ્ન અત્રિ ઋષિ સાથે કર્યા. શ્રદ્ધા નામની દીકરીના લગ્ન અંગિરા ઋષિ સાથે કર્યા. હવિર્ભૂને પુલત્ય સાથે પરણાવી. ગતિના લગ્ન પુલહ સાથે થયા.

---

૧. મધુ નામના રાક્ષસના શત્રુ. એટલે ભગવાન વિષ્ણુ.

ક્રતુ સાથે સત્ક્રિયાને પરણાવી. ભૃગુ ઋષિ સાથે ખ્યાતિના લગ્ન કર્યા. અરુંધતીને વસિષ્ઠ સાથે વળાવી અને શાન્તિના લગ્ન અથર્વા ઋષિ સાથે કર્યા.

સૃષ્ટિમાં વંશનો વિસ્તાર કરવાની પિતા બ્રહ્માની આજ્ઞાને વશ કર્દમ મુનિએ જીવન રથ હાંક્યો.

અત્યારનું વિજ્ઞાન બાળક ગર્ભમાં આવે પછી શી કાળજી લેવી જોઈએ એનું માગદર્શન આપે છે પરંતુ આપણા ઋષિ મુનિઓ તો બ્રહ્મજ્ઞાની બાળક મેળવવા માટે શું અનુષ્ઠાન કરવું જોઈએ એનું પણ માર્ગદર્શન આપે છે.

આપણા ઋષિઓએ લગ્ન કરી ગૃહસ્થાશ્રમ માંડી **"ધન્યો ગૃહસ્થાશ્રમઃ ।"**નો આદર્શ પ્રસ્થાપિત કર્યો છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે એ સત્ય આપણા ઋષિ મુનિઓએ આપણને બતાવ્યું.

પતિ-પત્નીના મધુર દામ્પત્ય જીવનથી પ્રસન્ન થયેલાં પરમેશ્વર પુત્રરૂપે ગર્ભમાં પ્રવેશ કરે છે અને પૃથ્વી પર આવી સમાજને સુખી બનાવે છે.

દીકરીના લગ્ન કર્યા પછી કર્દમ મુનિએ સંન્યાસ ગ્રહણ કર્યો. દેવહૂતિને સંસારના ભોગોની નશ્વરતા સમજાઈ અને પોતાનું કલ્યાણ થાય એને માટે, શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ માટે કર્દમ મુનિને પ્રાર્થના કરી. કર્દમ મુનિએ દેવહૂતિને કહ્યું કે તારો પુત્ર તારા બધા મનોરથો પૂર્ણ કરશે.

કપિલ મુનિએ દેવહૂતિને શાસ્ત્રોક્ત જ્ઞાન આપી એમને આત્મ સાક્ષાત્કાર માટે પ્રેર્યા. દેવહૂતિ માતાએ બ્રહ્મના દર્શન કરી નિર્વાણનો પંથ લીધો. કપિલ મુનિએ એમના શરીરની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી એમને મુક્તિ આપી.

કપિલ ભગવાન એ સિદ્ધોના પણ સિદ્ધ થયા અને એનું પુર-નગર એટલે એ નગરનું નામ 'સિદ્ધપુર' પડ્યું.

આ સિદ્ધપુર એ માતૃગયા નામે પ્રસિદ્ધ થયું. કપિલ ભગવાને વરદાન આપ્યું કે જે કોઇ ભક્તિ ભાવથી સિદ્ધપુર આવી, બિંદુ સરોવરમાં સ્નાન કરી એની માતાનું શ્રાદ્ધ કરશે તેની માતાની ત્રણ પેઢી પિતા સહિત બ્રહ્મલોકમાં જશે.

આ વરદાન અંગે પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ શ્રીગુરુલીલામૃતમાં લખે છે કેઃ

સિદ્ધોના પણ સિદ્ધ જે કપિલ મુનિ ભગવાન,
તત્પુર તેથી સિદ્ધપુર કે'વાયું એ માન.

શેષાદિક પણ ના લહે મહિમા એનો તેમ;
ઔધ્વદૈહિક દેવહૂતિનું ત્યાં સપ્રેમ-

કરે કપિલ ભગવાન એ સાક્ષાત્ યથાવિધાન;
માતૃગયા નામે થયું પ્રસિદ્ધ ત્યારથી સ્થાન.

આપ્યો વર કપિલે તદા જાણ સ્થાનને એહઃ-
આવી એ તીર્થે કરે સ્નાન ભક્તિથી જેહ-

બિંદુ સરોવરમાં તથા સરસ્વતી જળ માંહ્ય,
તેમ શ્રાદ્ધ માતાતણું કરે યથાવિધિ ત્યાંય;

માતૃત્રયી તેની જઇ બ્રહ્મલોકમાં જાણ;
પામે અક્ષય સુખ તિહાં પિતૃત્રય સહ માન.

સર્વ પિતૃઓ એહના પામે સદ્‌ગતિ તેમ,
માતૃગયા આ વિણ કર્યે યથાપ્રકારે એમ,

નિજ માતાના ઋણ થકી થાએ મુક્ત ન જાણ,
એવો વર આપે સ્વયં તદા કપિલ ભગવાન.

(અ. ૧૨૯ દો. ૧૨૩ થી ૧૩૦)

❑ ❑ ❑

# કપિલ ભગવાને દેવહૂતિમાતાને આપેલું જ્ઞાન

## (શ્રીમદ્ ભાગવત આધારિત)

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કન્ધમાં અધ્યાય નં. ૨૧ થી ૩૩માં કર્દમ મુનિ તથા દેવહૂતિનું આખ્યાન આપેલું છે. અધ્યાય નં. ૨૫ થી અધ્યાય નં. ૩૩ સુધી કપિલ ભગવાન અને દેવહૂતિ માતાનો સંવાદ છે અને એમાં દેવહૂતિમાતાને કપિલ મુનિએ જ્ઞાનનો કરેલો બોધ વર્ણવ્યો છે.

દેવહૂતિ ઉવાચઃ
નિર્વિણ્ણા નિતરાં ભૂમન્નસદિન્દ્રિયતર્ષણાત્ ।
યેન સમ્ભાવ્ય માનેન પ્રપન્નાન્ધં તમઃ પ્રભો ॥

હે પ્રભુ! હે ભૂમન્! આ દુષ્ટ ઈન્દ્રિયોની વિષય લાલસાને કારણે હું ખૂબ કંટાળી ગઈ છું અને એની ઈચ્છાઓ પૂરી કરતા રહેવાને કારણે હું ઘોર અંધકારમાં પડી ગઈ છું.

આપની કૃપાથી મારી જન્મ પરંપરા સમાપ્ત થઈ ચૂકી છે. કારણકે આ મુશ્કેલીથી પાર ઉતરાય એવા ઘોર અંધકારમાંથી પાર ઉતારવાને માટે જ આપ મારા પુત્રરૂપે પધાર્યા છો. અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલા જીવો માટે આપ નેત્રસ્વરૂપ સૂર્યની જેમ ઉદય પામ્યા છો.

હે પ્રભુ! આ દેહ અને ગેહ (ઘર) વગેરેમાં હું અને મારાપણુંનો દુરાગ્રહ જન્મે છે એ મારા મોહને આપ દૂર કરો.

પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી હું આપને શરણે આવી છું. આપ મને જ્ઞાન આપી મારો મોહ દૂર કરો.

કપિલ ભગવાન બોલ્યાઃ હે મા! એ મારો નિશ્ચય છે કે અધ્યાત્મ યોગ જ મનુષ્યોના આત્યંતિક કલ્યાણનું મુખ્ય સાધન છે. જ્યાં દુઃખ અને સુખની કાયમ માટે નિવૃત્તિ થઈ જાય છે.

કપિલ ભગવાને કહ્યું કે હે મા! જીવના બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. જીવ વિષયોમાં આસક્ત થાય એ બંધન જન્માવે છે જ્યારે પરમાત્મામાં અનન્ય પ્રેમ ધરાવે ત્યારે એ મોક્ષનું કારણ બને છે.

જ્યારે મન હું અને મારું ને કારણે જનમતા - રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગરે વિકારોથી મુક્ત થઈ જાય છે ત્યારે તે મન શુદ્ધ થઈ જાય અને ત્યારે સુખ-દુઃખથી છૂટીને સમ અવસ્થામાં આવી જાય છે.

---

**‘મા’નો ખોળો અને પિતાનો ખભો-બધું એમાં લભો.**

---

આ સ્થિતિમાં જીવાત્મા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિયુક્ત હૃદયથી આત્માને પ્રકૃતિથી જુદો, એકમાત્ર, ભેદ રહિત, સ્વયં પ્રકાશરૂપ જુએ છે. યોગીઓ માટે ભગવદ્ પ્રાપ્તિ માટે શ્રીહરિની ભક્તિ સમાન કોઈ મંગલમય માર્ગ નથી.

વિવેકી જન સંગ-આસક્તિને જ આત્માનું ન છેદાય એવું બંધન માને છે પરંતુ આ જ સંગ-આસક્તિ સંતો કે મહાપુરુષો પ્રતિ થઈ જાય તો તે મોક્ષનું દ્વાર બની જાય છે.

જે લોકો સહનશીલ, દયાળુ, સર્વ દેહધારીઓ પ્રત્યે અકારણ પ્રેમ, કોઈના પ્રત્યે પણ શત્રુભાવનો અભાવ વાળા હોય છે અને જેઓ શાંત, સરલ અને સત્પુરુષોનું સમ્માન કરનારા હોય છે તેમજ જે મારામાં અનન્ય ભાવે સુદૃઢ પ્રેમ રાખે છે એવા ભક્તોને સંસારના વિવિધ તાપો હેરાન કરતા નથી. હે મા! આવા સર્વ સંગ પરિત્યાગી મહાપુરુષોનો સંગ કરવાની તારે ઈચ્છા કરવી જોઈએ કારણકે આવો સંગ આસક્તિથી ઉત્પન્ન થતાં બધા દોષો હરી લે છે.

આવા સત્પુરુષો મારી કથાનું ગાન કરે છે. આવી કથા હૃદય અને કાનને આનંદ આપનારી હોય છે. એ સાંભળવાથી, એનું સેવન કરવાથી મોક્ષમાર્ગમાં સત્વરે શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિનો ક્રમશઃ વિકાસ થાય છે. ત્યાર પછી મારી લીલાઓનું ચિંતન કરવાથી પ્રાપ્ત થતી ભક્તિને લીધે લૌકિક અને પારલૌકિક સુખોમાં વૈરાગ્ય જન્મે છે જેથી મનુષ્ય સાવધાનીપૂર્વક યોગના ભક્તિપ્રધાન સરળ ઉપાયો દ્વારા મનોનિગ્રહ માટે પ્રયત્ન કરે છે. આ રીતે જીવનાર વ્યક્તિ પોતાના દેહમાં જ અંતરાત્માને પામી જાય છે.

**પિતા કેરું શિરછત્ર જ્યાં, શીતળ શાંતિ રહે સદા ત્યાં.**

દેવહૂતિ બોલ્યાઃ હે ભગવાન! આપની બધી રીતે યોગ્ય એવી ભક્તિનું સ્વરૂપ શું છે? અને મારા જેવી અબળાઓ માટે કેવી ભક્તિ યોગ્ય છે કે જેના દ્વારા સહજમાં નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે? હે પ્રભુ! જેનાથી તત્ત્વજ્ઞાન થાય છે અને ભગવાનની પ્રાપ્તિ થાય છે એવો આપનો યોગ કેવો છે અને એના કેટલા અંગો છે?

કપિલ ભગવાન બોલ્યાઃ હે મા! જેનું ચિત્ત એકમાત્ર ભગવાનમાં જ લાગી ગયું છે એવા મનુષ્યની વેદ દ્વારા સૂચિત કર્મોમાં લાગેલી અને વિષયોનું જ્ઞાન કરાવવાવાળી ઈન્દ્રિયોની ભગવાન પ્રત્યેની જે સ્વાભાવિક પ્રવૃત્તિ છે એ જ ભગવાનની અહૈતુકી ભક્તિ છે. આ ભક્તિ મુક્તિથી પણ ચઢિયાતી છે. જે રીતે ખાધેલા અન્નને જઠરાનલ પચાવી દે છે એ જ રીતે આ ભક્તિ પણ કર્મ સંસ્કારોના ભંડારરૂપ લિંગ શરીરને તાત્કાલિક ભસ્મ કરી નાંખે છે.

કપિલ બોલ્યા કે મારી ચરણ સેવામાં પ્રેમ રાખવાવાળા અને મારી પ્રસન્નતા માટે જ બધા કાર્યો કરવાવાળા કેટલાયે બડભાગી ભક્તો છે જે એક બીજાને મળીને પ્રેમપૂર્વક મારી લીલાના ગુણગાન કરે છે અને મારી સાથે સાયુજય મોક્ષની ઈચ્છા પણ કરતા નથી. હે મા! આવા સાધુ પુરુષો મારા પરમ સુંદર અને વરદાયક દિવ્યરૂપોની ઝાંખી કરે છે અને એની સાથે પ્રેમથી સંભાષણ પણ કરે છે. એનું મન અને ઈન્દ્રિયો મારા રૂપ માધુર્યમાં ફસાઈ જાય છે. મારી આવી ભક્તિ એની ઈચ્છા ન હોવા છતાં પણ એને પરમપદની પ્રાપ્તિ કરાવી દે છે.

અવિદ્યાની નિવૃત્તિ થયા પછી મારા સત્યાદિ લોકની ભોગ સંપત્તિ, ભક્તિની પ્રવૃત્તિ પછી એને સ્વયં પ્રાપ્ત થનારી અષ્ટ સિદ્ધિ

અથવા વૈકુંઠલોકના ભગવદીય ઐશ્વર્યની ઇચ્છા નહિ કરવા છતાં પણ મારા ધામમાં પહોંચતાની વારમાં એ બધી વિભૂતિની એને પ્રાપ્તિ થઇ જાય જ છે. જેને માટે હું જ એકમાત્ર સર્વસ્વ છું એવા મારા આશ્રયમાં રહેનારા ભક્તજન શાંતિમય વૈકુંઠ ધામમાં પહોંચ્યા પછી આ બધા ભોગોથી વંચિત રહેતો નથી અને એને મારું કાળચક્ર પણ ગ્રસી શક્તું નથી.

હે માતાજી! જે લોકો આ લોક, પરલોક અને આ બંને લોકમાં સાથે જાનાર વાસનામય લિંગ શરીરનો તથા શરીર સાથે સંબધ રાખનારા ધન, પશુ અને ઘર વગેરે પદાર્થોને છોડીને અનન્ય ભક્તિથી હરેક રીતે મારું જ ભજન કરે છે તેને હું મૃત્યુરૂપી સંસાર સાગરથી પાર ઉતારી દઉં છું.

કપિલ ભગવાને કહ્યું કે હે મા! હું સાક્ષાત્ ભગવાન છું, પ્રકૃતિ અને પુરુષનો પણ સ્વામી છું અને સમસ્ત પ્રાણીઓનો આત્મા હું જ છું. મારા સિવાય કોઇ બીજાનો આશ્રય લેવાથી માણસ મૃત્યુના ભયથી છૂટકારો મેળવી શક્તો નથી. મારા ભયથી આ વાયુ, સૂર્ય, ઇન્દ્ર, અગ્નિ અને કાળ પોત પોતાની પ્રવૃત્તિમાં રત રહે છે.

યોગિજન જ્ઞાન-વૈરાગ્યયુક્ત ભક્તિયોગ દ્વારા શાંતિ પ્રાપ્ત કરવા માટે મારા નિર્ભય ચરણોનો આશ્રય લે છે. સંસારી માટે સર્વશ્રેષ્ઠ કલ્યાણ પ્રાપ્તિ એ જ છે કે એનું મન તીવ્ર ભક્તિયોગના પરિણામે મારામાં લાગે અને એમાં સ્થિર થઇ જાય. (સ્કંધ ૩ અ. ૨૫ સમાપ્ત)

પછી કપિલ ભગવાને માતા દેવહૂતિ સમક્ષ પ્રકૃતિ વગેરે બધા તત્ત્વોનું વિશ્લેષણ કરવાનું શરૂ કર્યું. આ જાણવાથી માનવી

**સુખે સૂએ જેને માથે બાપ.**

પ્રકૃતિના ગુણોથી મુક્ત થઇ જાય. અકર્તા, સ્વાધીન, સાક્ષી અને આનંદસ્વરૂપ પુરુષ કર્તૃત્વભાવથી અને ભોકતૃત્વભાવથી બંધનમાં આવી પડે છે. દેવહૂતિના પ્રશ્નના જવાબમાં કપિલ ભગવાને માતાને પ્રકૃતિ અને પુરુષના લક્ષણ વિગતે સમજાવ્યાં.

આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એ પાંચ મહાભૂત છે અને એનું પંચીકરણ સમજાવ્યું.

પ્રકૃતિ અને પુરુષનો વિવેક દ્વારા વિચાર કરીને મોક્ષપ્રાપ્તિ કરવાની વાત કપિલ ભગવાને માતાને સમજાવી. પછી કપિલ મુનિએ માતાને અષ્ટાંગ યોગનું વિગતે વર્ણન કર્યું. સબીજ યોગ દ્વારા ચિત્તશુદ્ધિ કરીને પરમાત્માના માર્ગમાં પ્રવૃત્ત થવાની રીત બતાવી. યમ, નિયમના પાલન દ્વારા જીવનને શુદ્ધ કરવાની વાત સમજાવી. જીવે અહંતા-મમતા છોડીને પ્રભુના ચરણ કમળમાં પ્રેમ રાખવો જોઇએ અને એનું સ્મરણ કરવું જોઈએ, એનું ધ્યાન ધરવું જોઈએ.

કપિલ ભગવાને માતાને ભક્તિનો મર્મ સમજાવી બધે પરમાત્માના દર્શન કરી જીવન જીવવાનો માર્ગ બતાવ્યો. દેવહૂતિ માતાએ કપિલ મુનિએ આપેલા જ્ઞાન પ્રમાણે જીવન જીવીને મોક્ષની પ્રાપ્તિ કરી.

મોહનો ક્ષય એ જ મોક્ષ છે, અહંકાર અને મમતાનો નાશ જ મોક્ષ છે એ બધી ચર્ચાનો સાર હતો.

□ □ □

# કપિલ ભગવાને દેવહૂતિમાતાને આપેલું જ્ઞાન

## (માર્કંડેય પુરાણ આધારિત)

સુમતિરુવાચ | કપિલેન કથં માત્રે જ્ઞાનં દત્તં મહાત્મના ||
તદ્ બ્રુહિ જ્ઞાનિનાં શ્રેષ્ઠ વિસ્તરેણ મમાધુના ||૧||

સુમતિ બોલ્યાઃ હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ! મહાત્મા કપિલે માતાને શી રીતે જ્ઞાન આપ્યું તે મને વિસ્તારપૂર્વક કહો.

શ્રી માર્કંડેય બોલ્યાઃ પતિના પ્રસ્થાન પછી, ત્યાં બેઠેલા કપિલને નમસ્કાર કરી પોતાની સિદ્ધિ માટે દેવહૂતિ પૂછવા માંડી.

દેવહૂતિ બોલીઃ હે ભગવાન! વિષયો તો કેટલાય મેં ભોગવ્યા. તો પણ હજી તેનાથી હું ધરાતી નથી. તેનું કારણ મને કહો. હે યોગેશ્વર! દયાના સાગર! ઉજ્વલ જ્ઞાનરૂપી દીવાથી મારા અજ્ઞાનનો નાશ કરીને મને શરણે આવેલીને બચાવો. સ્ત્રી છું, પામર છું, ટૂંકી બુદ્ધિ છે, શાસ્ત્રનું જ્ઞાન નથી, સંસારના તાપથી બળીજળી છું, દેવમાયામાં મુંઝાઈ ગઈ છું, હું મારાનું અભિમાન અને દેહના અભિમાનના ફાંસામાં ફસાઈ પડી છું. તૃષ્ણાઓ વળગેલી છે એવી હું આપને શરણે આવી છું.

શ્રી કપિલ બોલ્યાઃ હે મા! સંસારના તળિયે બેઠેલા માણસોમાં અધમ માણસો, માયામાં સાનભાન ભૂલેલા મને કદી ભજતા નથી. માટે હે કલ્યાણી! અંતરમાં ભક્તિ ભર અને મને ઓળખ. હૃદયમાં એક જ રૂપે રહેલા મને ભક્તિથી જાણી શકીશ. મારી ભક્તિના પ્રકાર ચાર છે. એક નિર્ગુણ ભક્તિ અને ત્રણ સગુણ ભક્તિ (સાત્વિક,

રાજસિક, તામસિક ભક્તિ). મારી સગુણ ભક્તિ કરે છે તમે મને તેવા ગુણ રૂપે પામે છે પણ જેમને મુદ્દલ વાસના નથી તે મારા વ્યાપક નિર્ગુણ સ્વરૂપને ભજે છે. તેમના પોતાનામાં જ તે મને એકરૂપે મેળવે છે. સત્સંગથી, વાસના છોડવાથી અને અહંભાવ કાઢી નાખવાથી શરીરથી જુદા રહેલા આત્માને શી રીતે જાણવો તે સાંભળ. પૂર્વના પુણ્યના બળે જ્યારે સત્સંગ થાય છે ત્યારે ચારેય સાધન આવી મળે છે. નિત્યાનિત્યવિવેક પ્રથમ સાધન છે. આ લોક અને પરલોકના ભોગોમાં વૈરાગ્ય બીજું સાધન છે. શમ, દમ, ઉપરતિ, સુખ-દુઃખની તિતિક્ષા ચોથું સાધન છે. વેદાંતનું શ્રવણ કરવામાં રુચિ ઉત્પન્ન કરવી. શ્રવણ પછી મનન અને તે પછી નિદિધ્યાસન જાણવું. તેનાથી ગુરુવાક્યથી પદોના અર્થોનું ભાન થાય છે. તેને લીધે વાક્યના અર્થનું દૃઢ જ્ઞાન થાય છે. 'તત્ત્વમસિ' વગેરે વાક્યથી પરોક્ષજ્ઞાન મળે છે. 'અહં બ્રહ્મ' એવું અનુભવથી જાણીને ડાહ્યા માણસો 'દેહ હું' એવી બુદ્ધિ છોડી દે છે. તું દેહ નથી, પ્રાણ પણ નથી, તેમજ ઈન્દ્રિયો પણ નથી, તું મન નથી બુદ્ધિ પણ નથી, ચિત્ત કે અહંકાર પણ નથી. તું તન્માત્રા નથી, પંચભૂત પણ નથી. તારે છ વિકારે નથી, તારે જન્મ નથી, તારે કર્મ નથી, તારે કાલ નથી, તારામાં ક્રિયા નથી, તારે જાગ્રત દશા નથી, તારે સ્વપ્ન દશા નથી કે સુષુપ્તિ દશા નથી, તારે ગુણ (સત્વ, રજ, તમ) નથી, છ ઉર્મિયો (ભૂખ, તરસ, શોક, મોહ, જરા, મૃત્યુ) નથી, તારે મૃત્યુ નથી, તારે જ્ઞાન નથી કે મૂઢતા નથી, વૈરાગ્ય નથી કે આસક્તિ નથી, નથી ભોગ કે વિકારે નથી જ. સદા સાક્ષીરૂપ હોવાથી તું નિરંજન શિવ જ છો.

આ જ્ઞાનયોગ મેં કહ્યો. તેનું મૂળ ભક્તિ છે. અને ભક્તિનું મૂળ કર્મ છે. એ કર્મના ત્રણ પ્રકાર છે. કર્મ, અકર્મ અને વિકર્મ. એ નિષ્કામ અને સકામ હોય છે. જે કેવળ નિષ્કામ અને વેદોક્ત હોય તેને કર્મ કહ્યું છે. આળસથી, ચૂકથી વેદોક્ત જે ન કરે તેને ડાહ્યાઓ અકર્મ કહે છે. અને જે વિપરીત કરે છે તે વિકર્મ છે.

કર્મોનું અને હરિભક્તિનું તાત્પર્ય બ્રહ્મજ્ઞાનમાં રહેલું છે. બ્રહ્મજ્ઞાન સર્વ વેદવાક્યોનું પ્રયોજન છે. બ્રહ્મજ્ઞાનથી મુક્ત થવાય છે, છૂટવાનો બીજો માર્ગ નથી. અજ્ઞાનને લીધે દેહ દેખાય છે અને જ્ઞાનથી જ એનો વિનાશ છે. તંતુઓ કરતાં વસ્ત્ર અલગ નથી. સુવર્ણ કરતાં ઘરેણાં જુદા નથી અને માટી કરતાં મોરીયો ભિન્ન નથી. તેમ અખિલ સંસાર તારાથી પૃથક્ નથી. 'બધું બ્રહ્મ છે' એમ અનુભવથી જાણી, પોતાનો આત્મા એ જ ઈશ્વર છે એમ જાણ કેમ કે જન્મ (સ્થિતિ અને લય) વગેરે જગતને હોય છે, આત્માને ક્યાંય નથી. અથવા શાસ્ત્રોનો જે કરનારો છે તે જ તારો આત્મા છે એમાં શંકા નથી. આ જ્ઞાન મેં કહ્યું. તમે સમજીને સમાધિ (ચિત્તનો લય)થી રહો. 'હું કર્તા છું' એવું અભિમાન ખરેખર ખેરવી નાખીને હે માતા! સુખમયી થા.

દેવહૂતિ બોલીઃ દેવોના ઓ દેવ! જગતના નાથ! હે ઉત્તમ પુરાણ પુરુષ! કમળ જેવાં નયનવાળા! મને બચાવો. હે પરમેશ્વર! પ્રસન્ન થાઓ. હે શ્રી કૃષ્ણ! કમલાના વ્હાલા! વાસુદેવ! જગત્પતિ! નારાયણ! હરિ! વિષ્ણુ! કપિલ! અવ્યય! મારું રક્ષણ કરો. આ જગતનું ઉપાદન તમે જ છો. વિશ્વ તમારામાં સ્થિર થયું છે હે દેવ! માયાથી તે

સર્જાય છે અને તમારામાં લય પામે છે. પ્રાણ, મન અને સર્વ ઈન્દ્રિયો, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને વિશ્વનું ધારણ કરતી ધરતી આપમાંથી થાય છે. તમે તો અણુના અણુ છો અને મોટાના મોટા પણ આપ છો. હે દેવ! પ્રાણીઓના પ્રાણ તમે અને આંખોવાળાની આંખ આપ છો. અવિદ્યાથી, કર્મથી, કાળથી, સત્‌થી અને અસત્‌થી વિલક્ષણ (જુદા), અવિકારી, આભાસ વિનાનો, નિર્વિકલ્પ, નિરંજન, વિશ્વનો સાક્ષી, ગુણોથી પર, પ્રધાન અને પુરુષનો ઈશ્વર, સર્વનો અંતર્યામી આત્મા, શુદ્ધ, સચ્ચિદાનંદ સ્વરૂપ અણુ, બૃહત્, કૃશ, સ્થૂળ અને ગુણનું ભરણ કરનારા છતાં આપ નિર્ગુણ છો. વાચ્યાર્થમાં તમે ગુણમય અને લક્ષ્યાર્થમાં સદાય નિર્ગુણ છો. હે જગત્પતિ! મારા જેવાંની રક્ષા માટે જ અવતરો છો. તમે કહ્યું તે નિર્ગુણ બ્રહ્મ શબ્દથી પર અને નિર્વિકાર છે તેનું વાક્યના અર્થથી ભાન મુમુક્ષુને શી રીતે થશે? જેને ન પહોંચવાથી વાણી સાથે મન પણ પાછાં વળે છે તેના વિષે હે પ્રભો! શબ્દ વગેરેની પ્રવૃત્તિ થાય એ કેમ બને? જાતિ, વ્યક્તિ, ક્રિયા, ગુણ અને સંબંધમાં શબ્દ પ્રવર્તે છે. જ્ઞાનીઓએ શબ્દની પ્રવૃત્તિનું કારણ આ પાંચમાં કહ્યું છે. બ્રહ્મમાં ક્રિયા નથી, જાતિ, ગુણ, સંબંધ કે વ્યક્તિઓ નથી. તો તે (બ્રહ્મ) નો બોધ (જ્ઞાન) તત્ત્વમસિ વગેરે વાક્યોથી માણસોને શી રીતે થાય?

કપિલ બોલ્યાઃ હે માતા! લક્ષણા અને શક્તિ, એ બે પ્રકારે શબ્દની પ્રવૃતિ થાય છે. વાચ્યાર્થ શક્તિથી સમજાય છે અને લક્ષ્યાર્થમાં લક્ષણા લેવાની હોય છે. હે મા! અહીં જહત્-અજહત્-રૂપા એટલે ભાગ-ત્યાગ-રૂપ લક્ષણા કરવી જોઈએ. ભાગનો ત્યાગ કરીને એટલે બંને પદના વિશેષણને ત્યજી દેવાનાં છે. તત્ પદનો અર્થ

ઈશ, તેનું વિશેષણ સર્વજ્ઞત્વ અને ત્વં પદનો અર્થ જીવ, તેનું વિશેષ્ય જે બંને પદોમાં રહેલું છે તે જીવાત્મા અને પરમાત્માની એકતા-ઐક્ય બુદ્ધિમાન પુરુષે (અજહત્) લક્ષણાથી સમજી જવી. કેમ કે ચૈતન્યથી અભિન્ન ચૈતન્ય એક જ હોય એમાં શંકા નહિ. માટે હે માતા! લક્ષણાથી જીવ શિવ થાય છે. ઘરમાં જે આકાશ રહે છે તે જ મઠમાં રહે છે. કાશીમાં જે પુરુષ જોયો હતો તે જ અહીં પણ જોવામાં આવે છે તેમાં કાશીનો પ્રદેશ અને અહીંનો પ્રદેશ એટલા ભાગનો ત્યાગ કરીએ તો પુરુષમાં ફેર પડતો નથી. માટે હે મા! એ નિર્ગુણ છતાં વિદ્યાથી માણસો તેને જાણી શકે છે. કરોડો શ્રુતિઓ કહે છે કે જ્ઞાન વિના મોક્ષ નથી જ, બીજાં સાધન હોય પણ અગ્નિ વિના રસોઈ ન જ થાય તેવું એમાં છે.

દેવહૂતિ બોલીઃ જનક વગેરે તો કર્મથી જ મોક્ષસિદ્ધિ પામ્યા છે તો તમે જ્ઞાનનું જ તેમાં મુખ્યપણું કેમ કહો છો?

કપિલ બોલ્યાઃ નિત્ય (નૈમિત્તિક, કામ્ય) વગેરે કર્મનું પરમફળ બુદ્ધિની શુદ્ધિ છે. વિદ્વાનોએ બુદ્ધિ શુદ્ધિથી તો આત્મજ્ઞાન કહેલું છે. માટે જ્ઞાનનું મુખ્યપણું છે. મુક્તિ માટે બીજો રસ્તો નથી.

દેવહૂતિ બોલીઃ દેવયાન માર્ગ અને પિતૃયાન માર્ગો તમે કહેવા યોગ્ય છો. દેવયાનગતિ અને પિતૃયાનગતિ કેવી છે તે પણ કહો.

કપિલ બોલ્યાઃ પંચાગ્નિવિદ્યાવાળા યોગી મરે છે ત્યારે દેવોની કાંધે ચઢી બ્રહ્મલોકમાં જાય છે. બ્રહ્મલોકવાસી બધા બ્રહ્માની સાથે મુક્ત થાય છે. વળી આ લોકમાં આવી પંચાગ્નિની ઉપાસના પુરુષ કરે છે.

---

**અતિથિ દેવોભવ ।**

---

સંવર્ગ વિદ્યાવાળો પુરુષ દેવયાન માર્ગે જાય છે તે બ્રહ્માની સાથે મુક્ત થાય છે. તેનો પુનર્જન્મ થતો નથી.

સ્વર્ગની ઇચ્છાથી જે સોમપાન કરનાર અગ્નિહોત્ર હોમે છે તે પિતૃયાન માર્ગે થઈ ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય પરવારે એટલે ચંદ્રલોકમાંથી આ લોકમાં આવે છે. આ રીતે કર્મઠ જેનો પુત્રપૌત્રાદિ રૂપે જન્મ લે છે.

વિષયીજનો નથી કર્મમાં કે નથી ઉપાસનામાં, તે પામર મનુષ્યો કીટ-પતંગ વગેરે જ થાય છે.

કૃતકૃત્ય જ્ઞાનીના તો પ્રાણ ઉત્ક્રમણ કરતા જ નથી. જ્યાં હોય ત્યાં જ સાક્ષિચૈતન્ય રૂપ આત્મામાં તે મળી જાય છે. બધા દેહધારીઓના દેહપ્રાપ્તિનું બીજ કર્મો છે. તે કર્મો જ્ઞાનીના જ્ઞાનરૂપી અગ્નિથી શેકાઇ ગયા હોય છે એવું જ્ઞાનીઓ કહે છે. આત્મસાક્ષાત્કારવાળા બ્રહ્મજ્ઞાની કરોડો કર્મ કરે છે તે તેને લાગતાં નથી. હું કર્તા કે હું ભોક્તા એવો અહંભાવ પણ તેને લાગતો નથી.

દેવહૂતિ બોલીઃ હે યોગેશ્વર! તમારા પ્રભાવથી મારો મોહ (અજ્ઞાન) ટળી ગયો છે. સ્મૃતિ (સ્વરૂપજ્ઞાન) પ્રાપ્ત થઈ છે. જ્ઞાનમાં ડખો મારે રહ્યો નથી. આજે હું સમાધિ (ચિત્તલયની સ્થિતિ)માં છું.

□ □ □

# કર્દમ-દેવહૂતિ આખ્યાન અને કપિલગીતા

**- પૂ. ડોંગરે મહારાજ**

ભાગવતના ત્રીજા સ્કંધમાં પૂર્વમીમાંસા પ્રકરણમાં વરાહની કથા સંભળાવી ઉત્તરમીમાંસામાં બ્રહ્મસ્વરૂપનો વિચાર કર્યો છે. પહેલામાં સાધન છે, બીજામાં સાધ્ય છે. હિરણ્યાક્ષની કથા પછી કર્દમ-દેવહૂતિની કથા આવે છે. ચિત્તશુદ્ધ થયા પછી યોગ સિદ્ધ થાય છે.

જ્ઞાન પુસ્તકમાં નથી, જ્ઞાન મસ્તકમાં છે. જ્ઞાન બહારથી મળતું નથી. જ્ઞાન આપણી અંદર જ છે. અજ્ઞાનથી ઢંકાયેલું હોવાથી જ્ઞાન દેખાતું નથી.

હિરણ્યાક્ષ એ લોભનું સ્વરૂપ છે. જે કાંઈ મળે તેમાં અસંતોષ એ જ હિરણ્યાક્ષ છે. શરીરથી અને મનથી બ્રહ્મચર્યનું પાલન કરવું એ મોટો યજ્ઞ છે. હિરણ્યાક્ષને સંતોષથી મારો.

મનુ એ મનુષ્યોના આગેવાન છે. મંગલમય કથા સાંભળ્યા પછી ચિંતન કરવાની ઈચ્છા થાય છે. જીવન નિષ્પાપ બને પછી પરમાત્માનું ધ્યાન કરવાની ઈચ્છા થાય છે.

દેવહૂતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું. દેવહૂતિને કપિલે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો. કર્દમનો અર્થ થાય છે જીતેન્દ્રિય. જીવ-આત્મા એ ઈન્દ્રિયોનો માલિક છે. ઈન્દ્રિયો નોકર છે. ઈન્દ્રિય માગે તે વિષયો તુરત આપશો નહિ. ઈન્દ્રિયોને તમારા માલિક થવા દેશો નહિ. સંયમ વગર જ્ઞાન સ્થિર થતું નથી. જીભને વશ કરવાથી ધીરે ધીરે ઈન્દ્રિયો વશ થાય છે.

---

**માવીતર (મા અને બાપ) સહુથી વધુ પવિતર.**

---

સંસારનાં કામો કરતાં ઈશ્વરથી દૂર જાઓ તે પાપ છે. સંસારમાં રહી કર્મ કરો પણ છેલ્લા શ્વાસ સુધી કૃષ્ણનું કીર્તન કરો. પરોપકારમાં શરીરને ઘસો. પરોપકાર એ જ પુણ્ય છે.

સરસ્વતીના કિનારે રહેવાની જરૂર છે. યમુનાજી ભક્તિ છે. સરસ્વતી કર્મ છે. એ બેનો સંગમ તે પ્રયાગ છે. કર્દમ ઋષિએ અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરી છે. શરીર દુર્બળ થયું છે. પરમાત્મા પ્રસન્ન થયા, પ્રગટ થયા છે. કર્દમ ઉપર પરમાત્માની નજર પડી છે. પરમાત્માની આંખો ભીની થઈ છે. આંખમાંથી હર્ષના બિંદુ સરી પડ્યા તે જ સિદ્ધપુરુષનું બિંદુ સરોવર થયું. આંખની સફળતા પરમાત્માના દર્શનમાં છે. સૃષ્ટિનું સૌંદર્ય વિકાર જન્માવે છે પણ પરમાત્માનું સૌંદર્ય મનને નિર્વિકારી બનાવે છે.

પુરુષને પાપ કરતા અટકાવે તે સાચી સ્ત્રી છે. ભગવાને કર્દમને કહ્યું કે તમે દેવહૂતિ સાથે લગ્ન કરો. હું તારે ત્યાં અવતાર લઈશ.

દેવહૂતિ મનુરાજાની દીકરી છે. નારદજીએ મનુરાજાને કહ્યું કે દેવહૂતિ માટે વિવાહ કરવા યોગ્ય કર્દમ ઋષિ છે. મનુરાજા પોતાની પત્ની શતરૂપા અને પુત્રી દેવહૂતિ સાથે સિદ્ધપુર કર્દમ ઋષિના આશ્રમે આવ્યા ત્યારે કર્દમ ઋષિએ ત્રણ આસન મૂકી દેવહૂતિની પરીક્ષા કરી. દેવહૂતિ આસનનું અપમાન ન થાય તે માટે જમણો હાથ આસન પર મૂકી જમીન પર બેઠાં.

જેને જ્ઞાન ન પચે તે જ કપટ કરે છે. જ્ઞાની પુરુષો મનમાં ભાવ છૂપાવતા નથી. મન, વાણી અને કર્મ જેની એક જ હોય તે જ

**સતી સ્ત્રી પતિને ધર્મ પ્રતિ વાળે છે.**

સાચો જ્ઞાની છે. સત્સંગ કરવાથી કામનો ત્યાગ થઈ શકે છે. કર્દમ ઋષિએ કહ્યું કે એક દીકરો થયા પછી હું સંન્યસ્ત લઈશ. જે સાવધાનીપૂર્વક લગ્ન કરે છે તેનો ગૃહસ્થાશ્રમ સંન્યાસાશ્રમ કરતાં પણ વધુ શોભે છે.

સ્ત્રીમાં સ્નેહ છે. પુરુષમાં વિવેક છે. સ્ત્રી સ્નેહાળ હોવાથી કંઈક અર્પણ કરવાનું કહે છે. પુરુષ કમાય છે પણ તેનું હૃદય શુષ્ક છે. પતિ-પત્નીના જીવનમાં કામસુખ ગૌણ છે. ધર્મપત્ની ધર્મના પાલન માટે છે. એ ભોગપત્ની નથી.

પુત્ર એ પિતાનો આત્મા છે. પિતા કહે છેઃ "આત્મૈવ સઃ ।" પિતૃઋણ અદા કરવા માટે પુત્રની ઈચ્છા કરો.

દેવહૂતિના લગ્ન થયા પછી મનુ અને શતરૂપા રાજધાનીમાં ગયાં. દેવહૂતિએ રાણીના વસ્ત્રો ઉતારી ઋષિપત્નીના વસ્ત્રો ધારણ કર્યા. બાર વર્ષ સુધી તપસ્વિની રૂપે રહ્યા. કર્દમ ઋષિને ખાતરી થઈ કે હું જિતેન્દ્રિય છું તેવી મારી પત્ની પણ સંયમી છે. કર્દમે દેવહૂતિને કહ્યું કે હે દેવી! જીવમાત્રને શરીર પ્રિય છે છતાં તમે મારા માટે શરીરને કૃશ કરી નાંખ્યું છે. મારી સેવામાં તું અખંડ ધ્યાનમગ્ન રહી છે. તું તુલસીપૂજા કરે છે તેથી તારું સૌભાગ્ય અખંડ રહેશે.

બિંદુ સરોવરમાંથી નાહીને નીકળતાં દેવહૂતિએ સૌંદર્ય ધારણ કર્યું અને વિમાનમાં બેસી કર્દમ તથા દેવહૂતિ તીર્થાટને ગયા.

સંસારમાં સૂગ આવે અને પ્રભુમાં પ્રેમ જાગે તે કથાનું ફળ છે. કથા પૈસા કમાવવાનું કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનું સાધન નથી. કથા સાંભળનારનાં પાપ છૂટે એ કથાનો મુખ્ય હેતુ છે.

---

**પતિ એ સતીનો એકમાત્ર આધાર.**

---

કર્દમ ઋષિ અને દેવહૂતિ તીર્થાટને ગયા. બધે ફર્યા. તે દરમ્યાન તેમને નવ દીકરીઓ થઇ. કર્દમ ઋષિએ જયારે સંન્યસ્ત લેવાની વાત કરી ત્યારે દેવહૂતિએ કહ્યું કે આ નવે કન્યાનું ઠેકાણું પાડીને પછી સંન્યસ્ત લેજો. વળી તમે એક દીકરો થાય પછી સંન્યસ્ત લેવાનું કહ્યું છે તો મને બ્રહ્મજ્ઞાની પુત્ર આપો.

નવ ઋષિઓ સાથે કર્દમે નવ દીકરીનાં લગ્ન કરાવ્યા. કર્દમે દેવહૂતિને બ્રહ્મજ્ઞાની પુત્ર મળે એ માટે અનુષ્ઠાન કરવાનું સૂચવ્યું. ભગવાનની કૃપાથી દેવહૂતિએ દીકરાને જન્મ આપ્યો જેનું નામ કપિલ રાખવામાં આવ્યું. કપિલ મોટો થયો પછી કર્દમ ઋષિ સંન્યસ્ત લઇ વનમાં ગયા. કર્દમ ઋષિ વનમાં ગયા અને ભાગવતી ગતિને પામ્યા. સંસારના સર્વ સુખનો ન્યાસ એ જ સંન્યાસ છે.

## કપિલગીતા

દેવહૂતિ માતાએ કપિલને પ્રશ્ન કર્યોઃ જગતમાં સાચો આનંદ નિત્ય-કાયમ-રહે તેવો છે કે નહિ? નિત્યાનંદ ક્યાં છે? તે મેળવવાનું સાધન શું?

પૂછનારમાં વિનય હોય તો સંત તેનો જવાબ આપે છે. પૂછનારમાં વિનયની ખામી હોય તો સંત જવાબ આપવાનું ટાળે છે. "બીજાને પૂછજો" એમ કહે છે.

ભોગ ભોગવવાથી વાસના વધે છે. સુખની પ્રાપ્તિ થતી નથી. ભોગથી શાંતિ મળતી નથી. ત્યાગથી જ શાંતિ મળે છે. ઇંદ્રિયો જીવને ખૂબ નચાવે છે.

ઇંદ્રિયરૂપી ચોર વિવેકરૂપી ધન લૂંટે છે. પરંતુ ઇંદ્રિયો તો મન દ્વારા વર્તે છે, તેના આધારે જીવે છે. તે આત્મચેતન છે. મનુષ્ય આનંદને બહાર શોધવાનો પ્રયત્ન કરે છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા તો શરીરમાં જ રહેલો છે. તમારો આનંદ તમારી પાસે છે. નિદ્રામાં આનંદ ક્યાંથી આવે છે? નિદ્રામાં જેવું મન રહે છે તેવું જાગ્રતાવસ્થામાં મનને રાખો તો શાંતિ મળશે અને મન નિર્વિષય થશે.

લોભી માણસ તિજોરીની ચાવીઓ ઓશિકા નીચે રાખી મૂકે છે પણ ઉંઘવા માટે તો ધન, તિજોરી અને ચાવીઓ ભૂલવાં પડે. એ બધું ભૂલીએ તો જ ઊંઘ આવે. સંસારના પદાર્થો જે સુખ આપે છે તે દુઃખ જ છે.

આનંદનો વિરોધી શબ્દ નથી. સુખનો વિરોધી શબ્દ દુઃખ છે. આનંદ એ પરમાત્માનું મંગળ સ્વરૂપ છે. દૂધમાં માખણ છે. દૂધનું દહીં બનાવી તેનું મંથન કરવાથી માખણ મળે છે. સંસારનું ચિંતન છૂટે તો પરમાનંદ મળે.

કીર્તન ભક્તિને મહાપુરુષો શ્રેષ્ઠ માને છે. આંખથી દર્શન અને મનથી ચિંતન કરો. આનંદ માટે જ કીર્તન કરો.

કપિલ ભગવાન દેવહૂતિ માતાને કથા સંભળાવે છે. સંસાર તો દુઃખમય છે. સંસારના પદાર્થો અનિત્ય છે. તાવ આવે છે ત્યારે મીઠાઇ ભાવતી નથી. અજીર્ણ થયું હોય ત્યારે મીઠાઈનો આનંદ મળતો નથી. જમવા બેઠા હો અને અકસ્માતના સમાચાર આવે તો જમવામાં આનંદ રહેતો નથી.

**પતિવ્રતા નારી, એ સંસ્કારની ક્યારી.**

વસ્તુમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે ત્યારે આનંદ મળે છે. આનંદ શોધવા બહાર જવાની જરૂર નથી. મનનો નિરોધ કરો.

સુખ-દુઃખ એ મનના ધર્મ છે. ભૂખ-તરસ એ પ્રાણના ધર્મ છે. સફેદ મણિ સમક્ષ લાલ ફૂલ મૂકશો તો મણિ લાલ દેખાશે. અહંતા-મમતાને લીધે મન સુખી-દુઃખી બને છે.

પ્રેમ સર્વની સાથે કરો. પ્રેમ એ ભક્તિમાર્ગ છે. જ્ઞાનમાર્ગમાં તો જ્ઞાની પુરુષો ફક્ત ભગવાન સાથે પ્રેમ કરે છે. જ્ઞાનમાર્ગનો આદર્શ આચાર્ય ભગવાન શંકરાચાર્યે બતાવ્યો છે. પદાર્થોના વૈરાગ્ય વગર જ્ઞાનમાર્ગમાં આગળ વધી શકાતું નથી. જ્ઞાની દેહની પણ પરવા કરતા નથી. શ્રીકૃષ્ણ એ પ્રેમનું સ્વરૂપ છે. ભક્તિમાર્ગનો આદર્શ પ્રેમ છે તે ભગવાન શ્રીકૃષ્ણ બતાવે છે.

ભક્તિમાર્ગમાં સર્વમાં ઈશ્વરનો ભાવ કરીને ભક્તિ સમર્પણ કરવાની છે.

સંસારનું ચિંતન કરવાથી મન બગડે છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરે તો સુધરે. વાસના એ કાંટો છે. કાંટાને કાંટાથી કાઢવો જોઈએ. કામ કાંટો છે. લૌકિક કામનો વિનાશ કરવા માટે ભગવાનમાં વાસના-આસક્તિ વધારો જેથી કામના છૂટે. લોઢાથી લોઢાને કાપો.

સંસારના પદાર્થમાં આસક્તિ કરવી એ કામ છે. ભગવાનમાં આસક્તિ વધારવી એ પણ કામ જ છે પણ તે લાભદાયી છે. પરીક્ષામાં પહેલા નંબરે પાસ થવું એ પણ કામ છે. છતાં વાસના એ દોષ નથી. નિર્ગુણ સ્વરૂપ પણ ઉપયોગી છે. પેટમાં પરમાત્મા છે તો પછી પેટમાં ચૂંક આવે છે તો તે કેમ મટાડતા નથી? એનું કારણ એ છે કે નિર્ગુણ

બ્રહ્મ એ નિષ્ક્રીય છે. નિર્ગુણ સ્વરૂપને દયા નથી. સગુણ સ્વરૂપને ભજવાથી આનંદ મળે છે અને તેથી શાસ્ત્રોએ સત્સંગ કરવાની આજ્ઞા કરી છે.

પ્રત્યેક ગામમાં પ્રભુ એક સંતને રાખે છે. તેમ ન હોય તો ગામનો નાશ થઈ જાય. સંત દુર્લભ છે એ વાત ખરી પણ તમે પોતે સંત બનો તો તમને સંત સામેથી મળવા આવશે. સંત શોધવાની જરૂર નથી. સંત બનવાની જરૂર છે. સંત શોધવા કરતાં સંત બનવું કઠીન છે.

સહનશક્તિ એ અલૌકિક છે. જેની શાંતિનો વિષમ પરિસ્થિતિમાં પણ ભંગ થતો નથી એ સંત છે. વેશથી સંત થવું સહેલું છે. જીવ પરમેશ્વરથી દૂર જાય એટલે દુઃખી થાય છે.

તુકારામ તેમની કુટીલ પત્નીથી દૂર ગયા નથી. બધું સહન કરતા હતા. એક દિવસ ખેડૂતને ત્યાં કથા કરવા ગયા. ખેડૂતે શેરડીનો ભારો આપ્યો. તુકારામ તો આવતાં આવતાં બધાને એક એક સાંઠો વહેંચતા આવતા હતા. પત્નીએ દૂરથી જોયું અને એને ક્રોધ ચઢ્યો. ઘરે આવતા આવતા તો તુકારામ પાસે એક જ સાંઠો રહ્યો. પત્નીએ ગુસ્સે થઈ એ સાંઠો લઈ લીધો અને તુકારામના બરડામાં માર્યો. શેરડીના બે ટૂકડા થઈ ગયા. તુકારામે કહ્યું કે હું સાંઠાના બે ટૂકડા કેવી રીતે કરવા એનો જ વિચાર કરતો હતો. મને ખાતરી જ હતી કે તું એકલી શેરડી નહિ જ ખાય. પત્નીએ તુકારામના ખોળામાં માથું મૂકી માફી માગી. તિતિક્ષા-સહનશીલતાથી સામાનું હૃદય પિગળે છે.

તિતિક્ષા-સહનશીલતા એટલે હસતાં-હસતાં દુઃખ સહન કરવું. પરમાત્મા માટે સંતો લૌકિક સુખનો ત્યાગ કરે છે.

સવારમાં ભગવાનની ભક્તિ કર્યા પછી જીવનના દરેક વ્યવહારમાં ભગવાનને જોવાની ટેવ પાડો. મિતાહારી બનો. પવિત્ર અને પરિમિત અન્નનું સેવન કરો જેથી મન શુદ્ધ થશે. જેવું અન્ન તેવું મન અને પાણી તેવી વાણી.

પરમાત્માના ચિંતનથી શાંતિ અચળ બને છે. જીવ દીન થઇને પ્રભુને શરણે જાય તો તન્મય થતાં વાર લાગતી નથી. પરમાત્માનું ચિંતન કરતાં સંસાર ભૂલી જવાય અને આનંદનો અનુભવ થાય તો તે પરમાત્મા સાથે એક તાન બની જાય. દરિયામાં ખાંડની પૂતળી નાંખો તો તે પાછી આવતી નથી પણ સમુદ્રના જળરૂપે થઇ જાય છે.

ગાય વાગોળે છે તેમ તમે પણ ઘેર જઇ સાંભળેલી કથાનું મનન કરજો. મનન કરશો તો જ્ઞાન સ્થિર થશે અને ટકશે.

પૂર્વ ભારતમાં ઉત્તરાયણના દિવસે સંગમ વખતે કપિલ મહારાજનું દર્શન થાય છે. માતા દેવહૂતિને સદ્‌ગતિ મળી છે. આ તીર્થ સિદ્ધપુર નામે પ્રસિદ્ધ છે. આ માતૃગયા તીર્થભૂમિ પવિત્ર છે. દેવહૂતિ માતાજીનો ઉદ્ધાર થયો. કપિલ મુનિની આ કથા પાતકોનો નાશ કરનારી છે.

# દત્તઉપાસના અંગેની દૃષ્ટિ

**-પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ**

(નવાપુરમાં કરેલા પ્રવચનમાંથી ટૂંકાવીને)

પરમાત્માના અનંત નામ છે, અનંત ગુણ છે, અનંત અવતાર-આવિર્ભાવ છે અને અનંત લીલાઓ છે. અને તે છતાંય અવતારી તો એ બધાથી પર, નિર્ગુણ અને નિરાકાર છે. એ બધાનું કોણ વર્ણન કરી શકે?

દત્તાવતાર વિશે ટૂંકમાં કહું.

સૃષ્ટિ જૂની વાત છે. મનુષ્યો સુખી થાય એ હેતુથી પરમાત્માએ વિવિધ વસ્તુઓના મોટા મોટા કોઠારો-ખાણો ભર્યાં. એક કોઠારમાં ખાદ્ય પદાર્થો, કોઈમાં સુંદર વસ્ત્રાભૂષણો, કોઈમાં સુવર્ણ, રત્ન, માણેક વગેરે ભર્યા. મનુષ્યે માની લીધેલાં સુખસાધનરૂપ બધું ભરી દીધું. અને ઢંઢેરો પીટાવ્યો કે જેને જે વસ્તુ જેટલા પ્રમાણમાં જોઈએ તેટલી તે લઈ જાય. પછી તો પૂછવું જ શું?

વહેલો તે પહેલો એ ન્યાયે લૂંટાલૂંટ ને પડાપડી થઈ રહી. થોડી વારમાં જ બધા ભંડારો ખાલીખમ અને તળિયા ઝાટક સાફ થઈ ગયા.

પ્રભુના દ્વારપાળો દરવાજો બંધ કરવાની તૈયારી કરતા હતા ત્યાં મધ્યાહ્ને તપથી કૃશ થઈ ગયેલો એક જર્જરિત બ્રાહ્મણ ડોસો લાકડીને ટેકે ટેકે હાથથી મોં પરનો પરસેવો લૂછતો ત્યાં આવી પહોંચ્યો. દ્વારપાળે કહ્યું કે ભંડારો તો લૂંટાઈ ગયા. હવે તો કાંઈ રહ્યું નથી.

આ સાંભળીને નિરાશ ન થતાં એણે દ્વારપાળને કહ્યું: "ભાઈ! તમે ભગવાનને જઈને કહો તો ખરા! ભગવાનના ભંડારમાં સાચે જ મારે માટે કાંઈ નથી એવું ભગવાન કહેશે તો હું જતો રહીશ."

બ્રાહ્મણની વાત સાંભળી દ્વારપાળના મનમાં હરિ વસ્યા. તેમણે જઈને ભગવાનને વાત કરી. ભગવાને દ્વારપાળને કહ્યું: શું આપણા ભંડારમાં એ અકિંચન બ્રાહ્મણ માટે કંઈ જ નથી? ફરીથી તપાસ કરો અને બ્રાહ્મણને કહો. દ્વારપાળે તપાસ કરી પણ કાંઈ હતું જ નહિ તેથી બ્રાહ્મણને જતા રહેવા કહ્યું પરંતુ બ્રાહ્મણે તો એક જ વાત પકડી રાખી કે ભગવાન એમના શ્રીમુખે કહે કે મારે માટે કશું જ નથી તો હું જતો રહીશ.

દ્વારપાળને મનોમન ગુસ્સો તો આવ્યો પણ શું કરે? ભગવાન પાસે જઈને બધી વાત કરી. ભગવાને કહ્યું: "હૈયા ફૂટ્યાઓ! શું કહો છો? કશું જ નથી? અરે! હું વિશ્વંભર પરમાત્મા તો અવશિષ્ટ છું કે નહિ?" અને એમ કહીને ભગવાને પેલા બ્રાહ્મણ પાસે જઈને કહ્યું: "દત્તોऽયં તે મયાત્મેતિ." "લે મારી જાતને હું તને સોંપું છું." આ વૃદ્ધ બ્રાહ્મણ તે જ અત્રિ.

આ વૃદ્ધ બ્રાહ્મણ તે જ અત્રિ. તે જ જ્ઞાનની ત્રણ ભૂમિકા (શુભેચ્છા, વિચારણા અને તનુમાનસા) વટાવી ગયેલો, સત્ત્વ, રજસ્ અને તમોગુણથી પર, સૂર્ય સમાન જાજ્વલ્યમાન તે અત્રિ ઋષિ. અને એકનિષ્ઠ ભગવદ્‌ભક્તિને વશવર્તી પોતાનું આત્મદાન આપનાર તે દત્તાવતાર અને જે દયાઘન પરમાત્માએ અત્રિઋષિને પોતાની જાતને આપી દેતાં પણ આંચકો નથી ખાધો, તેણે આપણને પણ શું નથી આપ્યું?

---

**'મા' તે 'મા', બીજા બધા વગડાના વા.**

---

એ અત્રિઋષિનાં ધર્મપત્ની તે સતી અનસૂયા. જેનામાં અસૂયા-દોષદૃષ્ટિ કે મત્સરનો સદંતર અભાવ છે તેને ત્યાં પ્રભુ અવતાર ધારણ કરે એમાં શી નવાઈ? માટે જ એ અત્રિ-અનસૂયાની એકનિષ્ઠ તપોભક્તિનું ફળ એ જ શ્રીદત્ત. અત્રિઋષિથી આવિર્ભાવ થયો માટે આત્રેય અને પોતાના આત્મદાનથી દત્ત એમ એ દત્તાત્રેય નામની સાર્થકતા.

શરીર એ જ સહ્યાચળ પર્વત (સહ્યાદ્રિ) છે. એમાં મધ્યવર્તી આવેલું હૃદય એ જ માહૂરગઢ- અપરોક્ષ જ્ઞાન તે અત્રિ, એકનિષ્ઠ પ્રેમલક્ષણા ભક્તિ તે જ અનસૂયા ને એ બેના સમન્વયથી જન્મતું વિજ્ઞાન કે નિર્ગુણ સક્રિય સાક્ષાત્કાર કે અનુભવ તે જ દત્ત.

વળી દેહ સહ્યાદ્રિ, માહૂર હૃદ ત્યાં,
તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા.
નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત
તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત.

(દત્તનામસ્મરણ શ્લોક-૭૮)

આ દત્તનું જ ધ્યાન ધરવાથી, નિદિધ્યાસન કરવાથી કીટભ્રમરન્યાયે સાધક મુક્ત દશાને પામે છે, જીવ મટી શિવ થાય છે, કલ્યાણરૂપ, મંગળરૂપ બની જગતમાં માંગલ્ય વરસાવે છે. એ જ સત્યં (શાન્તં), શિવં, સુંદરં તે દત્ત.

વૈદિક વાઙ્મયમાં કેટલેક ઠેકાણે સૂર્યને અત્રિ-જેનામાં શિયાળો, ઉનાળો અને ચોમાસુ નથી તે, જેનામાં સવાર, બપોર ને સાંજ એ ક્રમભેદ નથી તે કહ્યો છે. અને અનસૂયા તો કર્દમપુત્રી.

કર્દમ એટલે કાદવ. એ ઠરીને તેનાથી થયેલાં મા-ભોમ પૃથ્વી તે અનસૂયા. એનામાં અસૂયા ક્યાં છે? કેવળ ક્ષમાની મૂર્તિ. કોઇ ખોદે, બાળે, ઉપર થૂંકી મલમૂત્રાદિ કરી અપમાનિત કરે, તો પણ એની અચળ સેવાવૃત્તિમાં ક્યાંયે ભંગ થયો છે ખરો? આમ અત્રિ-સૂર્ય અને મા-પૃથ્વી અનસૂયા એ બેના શુભ સંયોગથી ઉત્પન્ન થતું અન્ન એ જ દત્ત છે. અન્નને લીધે જ સૃષ્ટિનું વિવિધ સર્જન છે એટલે અન્ન-દત્ત-જ ઉત્પાદક હોવાથી બ્રહ્મા છે. એ અન્ન જ વિવિધ રીતે પોષક છે, સર્જનનું રક્ષણ કરનાર છે એટલે અન્ન જ-દત્ત જ સર્વ વ્યાપક વિષ્ણુ છે. એ જ અન્ન પૂરતા પ્રમાણમાં ન મળે કે મળવા છતાં હજમ થઇ એનો પાચકરસ ન બને તો જીવલેણ નીવડે છે. એટલે જ અન્ન સંહારક મહેશ પણ છે. એ જ અન્ને આપણને શરીર, ઇંદ્રિયોની સર્વ શક્તિઓ આપેલી છે તેથી જ એ અન્ન દત્ત છે. છાંદોગ્ય ઉપનિષદમાં ભૌતિકવાદીઓએ એ જ અન્નની બ્રહ્મ તરીકે સ્થાપના કરવાની કહી છે.

દરેક ધર્મમાં આ ત્રિપુટીની ઇશ કલ્પનાનો થોડે ઘણે અંશે એક યા બીજી રીતે ઉલ્લેખ કરેલો છે. બૌદ્ધ ધર્મની બુદ્ધ, ધર્મ અને સંઘની ત્રિપુટીની કલ્પનાનું અધિષ્ઠાન પણ એ ત્રણેયથી પર આ જ પરમ તત્ત્વ છે. પારસીઓ અગ્નિ, ઉદક અને સૂર્યની ત્રિમૂર્તિને ઉપાસે છે. ઇસ્લામીઓ ખુદા, પેગંબર અને પેગામ (પવિત્ર કુરાન)ની ત્રિપુટીને વંદે છે. ખ્રિસ્તી ધર્મના Father, Son અને Holy Ghost-પિતા, પુત્ર અને પવિત્ર આત્માને પણ આપણા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે સરખાવી શકાય. વિષ્ણુ એ Father-પિતા છે, બ્રહ્મા એ Son-પુત્ર છે અને શંકર એ Holy Ghost-પવિત્ર આત્મા છે.

---

**માતા એ શબ્દ નથી, શબ્દતીર્થ છે.**

---

કામદેવને-કામના માત્રને બાળીને ભસ્મ કરનાર યોગીશ્વર પુરાણ પુરુષ હોવા છતાંય ધાવણા બાળક સમા ભોળા અને નિર્દોષ શંભુ એ સાચે જ પવિત્રતાની મૂર્તિ છે-મૂર્તિમંત પાવિત્ર્ય છે.

ખ્રિસ્તી ધર્મનો ત્રિપાંખીયો ક્રોસ (cross)ને આપણા ત્રિશૂલને સામ્ય નથી શું? આપણું જળકમંડળ Baptism ખ્રિસ્તી ધર્મની દીક્ષા સમયે કરાતા જલસિંચનનું સૂચક છે. ખ્રિસ્તી દેવળોમાં વગાડાતા Piano પિયાનોનું મૂળ પ્રભુના હાથમાં રહેલા વાદ્ય શંખ-ડમરું ન કહી શકાય? માળા તો પવિત્ર ખ્રિસ્તીઓ વાપરતા જ હોય છે.

એમના ધર્મસંસ્થાપક જગતતારણહાર જિસસ ક્રાઈસ્ટના જન્મની કલ્પના પણ કેવી? કુમારી માતા મેરીથી એમનો પ્રાદુર્ભાવ. એટલે સ્ત્રી-પુરુષના સંબંધની વાત જ નહિ. આપણા અવતારોને પણ અયોનિજ-અયોનિ સંભવ જ નથી વર્ણવ્યા? અને દત્તાવતારમાં પણ શું છે? એક વાર ઋતુસ્નાતા અનસૂયાજી પોતાના પતિ અત્રિ ઋષિને પગે લાગવા ગયાં અને ઋષિની આંખમાંથી એક તેજોજ્યોતિ નીકળી અનસૂયાજીના ઉદરમાં પ્રવિષ્ટ થઈ. તે જ વખત જતાં બાળ દત્તસ્વરૂપે પ્રગટી. સત્ત્વહરણ કરવા જતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સતીના પુણ્ય સંકલ્પથી બાળસ્વરૂપ થયા વગેરે કલ્પનાઓ પાછળ પણ આ જ સ્ત્રીપુરુષના શારીરિક સંબંધના અભાવની અને સતીના પાવિત્ર્યના પ્રભાવની ભાવના જ રહેલી છે. આમ દત્તસંપ્રદાયનો કોઈ સંપ્રદાય યા ઉપાસના સાથે વિરોધ નથી. હર કોઈ જાતિનો, હર કોઈ ધર્મપંથનો કે જાતિ કે ધર્મમાં માનનારો પણ એનો ઉપાસક હોઈ શકે.

**માતાના બે ચરણઃ મમતા અને સમતા.**

# પતિવ્રતા-સતીનું-માહાત્મ્ય-દોહરા

૧. અનંત બ્રહ્માંડોતણું કરે સુપાલન નિત્ય;
સતી સ્તન્યપીયૂષથી તૃપ્ત, ધન્ય એ પ્રીત્ય. (અ.૬ દો.૮૭)

૨. પતિવ્રતા સાધ્વીતણી, કીર્તિ ત્રિભુવન ગાય;
પતિસેવાથી ક્ષિતિતલે શું શું કહે ન થાય? (અ.૭ દો.૧૫૧)

૩. કાયા, વાચા મન થકી, કરે પતિની સેવ,
તરી તારે અન્યને, કરે દીનને દેવ. (અ.૭ દો.૧૫૨)

૪. ધર્મ અર્થ ને કામને, કરે પલકમાં પ્રાપ્ત;
મુક્તિ પદ ચાટે સદા, સતી તીર્થ પર્યાપ્ત. (અ.૭ દો.૧૫૩)

૫. સતીસ્પર્શથી અગ્નિ એ કોટિસૂર્યવત્ જાણ.
શોભે દિઙમંડલ મહીં શ્વેતયશોન્વિત માન. (અ.૨૬ દો.૧૦૯)

૬. પતિવ્રતાસ્પર્શે ધરા થાએ પવિત્ર તેમ,
માટે પાદસ્પર્શ ભૂ ઈચ્છે સતીનો એમ. (અ.૮૫ દો.૧૨૭)

૭. દૈવે મત્કિરણો સતીને સ્પર્શે જો ધન્ય,
થાઉં પૂત હું એમ ઈચ્છે રવિ-ચંદ્ર સુધન્ય. (અ.૮૫ દો.૧૨૮)

૮. વાયુ, વરુણ ને અન્ય પણ સતી સ્પર્શથી એમ
થાએ પવિત્ર, દૃષ્ટિ પણ એની પાવન તેમ. (અ.૮૫ દો.૧૨૯)

**માતાના ત્રણ સ્વરૂપઃ દેહમાં, ગેહમાં ને નેહમાં.**

૯. ઘેર ઘેર પડી સ્ત્રીઓ રૂપલાવણ્યયુક્ત!
શું એથી? એક જ ભલી સતી, કરે કુલ મુક્ત!!(અ.૮૫ દો.૧૩૦)

૧૦. પતિવ્રતા જેને ઘરે પુણ્યવાત એ ધન્ય,
સપ્તજન્મના પુણ્યથી સાધ્વી મળે સુધન્ય.(અ.૮૫ દો.૧૩૧)

૧૧. સતી યોગથી નર લભે ચતુર્વિધ પુરુષાર્થ,
હોય પુણ્ય તો સાંપડે એવી સતી સુહાર્દ.(અ.૮૫ દો.૧૩૨)

૧૨. જેના ઘરમાં ના સતી પુણ્ય તેહનું વ્યર્થ,
યજ્ઞાદિક કર્મો તથા, ના તદ્ધર્મે અર્થ.(અ.૮૫ દો.૧૩૩)

૧૩. જેના ઘરમાં ના સતી તદ્‌ગૃહ અરણ્ય ઘોર,
વૃથા જન્મ તેનો નકી, કર્મબદ્ધ એ ચોર.(અ.૮૫ દો.૧૩૪)

૧૪. યદ્‌ગેહે એવી સતી સાર્થક તેનું પુણ્ય,
પુત્રલાભ તદ્યોગથી તેમ પરલોક ધન્ય.(અ.૮૫ દો.૧૩૫)

૧૫. સતી વિના નર જેહ નકી, ધર્મ તેહનો વ્યર્થ,
પડે સ્વર્ગસ્થ પિતૃઓ, ના તત્કર્મે અર્થ.(અ.૮૫ દો.૧૩૬)

૧૬. ગંગાસ્નાનાદિક નકી સતી દર્શને પુણ્ય
સપ્તજન્માઘહત્ સતી પતિતપાવની ધન્ય.(અ.૮૫ દો.૧૩૭)

૧૭. જે જે પતિવ્રતા સતી ગંગાસમ તે ત્યાંય,
શંકર સમ તત્પતિ અહા બંને વંદ્ય સદાય.(અ.૮૬ દો.૫૭)

❑ ❑ ❑

# દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ! તું જ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.

આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!
સૂણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ!!૧૦.

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા; દિતિસુત ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ કીધી વર્ણવે કો તે સર્વ?૧૪.

દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!!૧૮.

જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!! ૨૨.

શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર વંધ્યા કેરા સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતના કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ.
ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર,
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!! ૩૦.

નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪.

રામકૃષ્ણરૂપે તેં એમ; કીધી લીલાઓ કંઇ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ!!
અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શા શા કામ?
આધિવ્યાધિઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ! ૩૮.

મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય તેનાં જાય!! ૪૪.

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-**રંગ**!
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮.

વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર, સૂણી હસે તે ખાશે માર.
તપસી તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ!! પર.

-**રંગ અવધૂત**
(નારેશ્વર)

□ □ □

**પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા.**

# દત્તબાવનીનો અર્થ

૧. હે યોગીશ્વર દયાળુ દત્તપ્રભુ! તારો જય હો! આ જગતમાં તું જ એક માત્ર રક્ષણ કરનારો છે.

૨. અત્રિ અને અનસૂયાને નિમિત્ત કરીને તું ખરેખર આ જગતને માટે પ્રગટ થયો છે.

૩. તું બ્રહ્મા, વિષ્ણુ (હરિ) અને શંકર (હર)નો અવતાર છે અને શરણે આવેલાનો તારણહાર છે.

૪. તું અંતરમાં સચ્ચિદાનંદરૂપે નિયમન કરનાર છે અને બહાર બે હાથ અને સુંદર મુખધારી સદ્‌ગુરુ છે.

૫-૬. તારા હાથમાં અન્નપૂર્ણારૂપ ઝોળી છે અને શાંતિના પ્રતિકરૂપ કમંડળ છે. ક્યાંક તારા ચાર હાથ છે તો ક્યાંક છ હાથ છે પણ ખરેખર તું તો અસંખ્ય હાથવાળો છે.

૭. એક અજાણ્યો બાળક તારે શરણે આવ્યો છે. હે દિગંબર! તું ઊઠ. એના પ્રાણ જતા રહે એમ છે.

૮-૯. અગાઉ સહસ્રાર્જુનનો પોકાર સાંભળીને તું જાતે પ્રસન્ન થયો હતો. એને અપાર ઋદ્ધિ અને સિદ્ધિ આપ્યા પછી અંતે મહાપદરૂપ મુક્તિ આપી હતી.

૧૦. તેં આજે કેમ વિલંબ કર્યો છે? મને તારા વિના કોઈનો આધાર (સહારો) નથી.

૧૧. વિષ્ણુશર્માનો પ્રેમ જોઈને તું શ્રાદ્ધમાં જમ્યો અને એનો ઉદ્ધાર કર્યો.

૧૨-૧૩. જંભ નામના રાક્ષસથી ત્રાસેલા દેવને તેં ત્યારે તરત જ મદદ કરી હતી. તેં તારી માયાને ફેલાવીને ઇંદ્રને હાથે એ રાક્ષસનો તરત જ વધ કરાવ્યો હતો.

---

**પ્રેમ એ મનની મુક્તિ છે.**

---

૧૪. ભગવાન શંકરે (શર્વ) આવી અનેક લીલાઓ કરી છે. એ બધી લીલાનું વર્ણન કોણ કરી શકે?

૧૫. આયુરાજા પુત્રને માટે દોડ્યો પરંતુ તેં એને કામના રહિત (નિષ્કામ) કરી દીધો.

૧૬. તેં યદુરાજાને, પરશુરામને, સાધ્યદેવોને અને કામના રહિત (અકામ) પ્રહ્લાદને ઉપદેશ આપ્યો હતો.

૧૭. આવી તારી અગાધ કૃપા હોવા છતાં તું મારો પોકાર કેમ સાંભળતો નથી?

૧૮. હે અનંત! તું દોડ. તું મારો અંત ના જો. આ બાળકનો અધવચ્ચે અંત કરીશ નહિ.

૧૯. બ્રાહ્મણની સ્ત્રીનો પ્રેમ જોઇને તું ખરેખર એનો પુત્ર થયો.

૨૦. હે સ્મરણમાત્રે હાજર થનાર! હે કલિમાં તારનાર! હે કૃપાળુ! તેં છેક ગમાર એવા ધોબીને પણ તાર્યો છે.

૨૧. તેં બ્રાહ્મણને પેટની પીડાથી બચાવ્યો અને વેપાર કરતાં બ્રાહ્મણ શેઠને તરત જ ઉગારી લીધો.

૨૨. તું મને મદદ કેમ નથી કરતો? તું એક જ વાર આ બાજુ જો.

૨૩. સૂકા લાકડાને તેં પાંદડાં આણ્યા તો પછી અહીં કેમ ઉપેક્ષાવૃત્તિ (ઉદાસીનતા) દાખવે છે.

૨૪. તેં ઘરડી વંધ્યા સ્ત્રીના પુત્ર અંગેનાં બધાં જ સ્વપ્નો સફળ કર્યા-પાર પાડ્યા.

૨૫. બ્રાહ્મણનો કોઢ દૂર કરીને તેં એના મનની ઇચ્છા પૂરી કરી.

૨૬. હે દેવ! તેં વાંઝણી ભેંસને દૂધ દેતી કરી અને તેં તરત જ દારિદ્ર્ય (દળદર) હરી લીધું.

૨૭. એવી રીતે વાલોળ (ઝાલર)નું શાક ખાઇને, પ્રસન્ન થઇને તેં એને સોનાનો ઘડો પ્રેમપૂર્વક આપી દીધો.

---

**પ્રેમ સ્વર્ગનો રસ્તો છે.**

---

૨૮. તેં ખરેખર બ્રાહ્મણસ્ત્રીના મરેલા પતિને જીવતો કરી દીધો.

૨૯. પિશાચ પીડા દૂર કરીને તેં બ્રાહ્મણના મરેલા પુત્રને ફરી જીવતો કર્યો.

૩૦. હે તાત! તેં હરિજન (અંત્યજ) દ્વારા બ્રાહ્મણોનો ગર્વ ઉતારી, ત્રિવિક્રમ નામના ભક્તનું રક્ષણ કર્યું.

૩૧. તંતુક નામના એક ભક્તને તેં પલવારમાં શ્રીશૈલ પર્વત ઉપર પહોંચાડી દીધો.

૩૨-૩૩. હે દેવ! આપ અરૂપી હોવા છતાં ઘણા રૂપ ધારણ કરી એકી સાથે આઠ સ્વરૂપ લઇ તમારા ખાનદાન ભક્તોને પરચાઓ આપીને સંતોષ્યા.

૩૪. તેં મુસલમાન (યવન) રાજાની પીડા દૂર કરી દીધી. તને જાતપાત-ઊંચનીચની કોઇ ચીડ (સૂગ) નથી.

૩૫. તેં રામ અને કૃષ્ણનો અવતાર ધરીને કંઇ કંઇ લીલાઓ કરી છે.

૩૬. તેં પથ્થર, વેશ્યા, શિકારી વગેરેનો ઉદ્ધાર કર્યો છે. પશુ અને પંખી પણ તારા પ્રત્યે સાધુતાવૃત્તિ દર્શાવે છે.

૩૭. તારું નામસ્મરણ પાપી (અધમ)ને પણ પાવન કરનારું છે. તારા નામનું ગાન કરવાથી કયું કામ પાર ન પડે?

૩૮. હે શંકર! તારું માત્ર સ્મરણ કરવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ બધું દૂર થાય છે.

૩૯. તારું સ્મરણ કરવાથી મૂઠ ચોટ લાગતા નથી અને માનવી મોક્ષને પામે છે.

૪૦-૪૧. આ દત્ત નામની લેહ લાગતાં- દત્તબાવની ગાતાં ડાકણ, શાકણ, ભેંસાસુર, ભૂત, પિશાચ, જંદ અને અસુર તરત જ મૂઠી દઈને ભાગી જાય છે એવો અનુભવ થાય છે.

**પ્રેમ એક એવી રમત છે જેમાં બુદ્ધિની હાર છે.**

૪૨. જે કોઈ ધૂપ કરીને આ દત્તબાવની પ્રેમપૂર્વક ગાય છે.

૪૩-૪૪. તેનાં આ લોક અને પરલોક એમ બંને લોક સુધરે છે. તેને ક્યાંય પણ શોક રહેતો નથી. સિદ્ધિ તેની દાસી થાય છે અને તેના દુઃખ અને દારિદ્રય ટળી જાય છે.

૪૫-૪૬. જે કોઈ બાવન ગુરુવારે નિયમપૂર્વક હંમેશાં દત્તબાવનીના બાવન પાઠ પ્રેમપૂર્વક કરે છે અથવા સમય મળે ત્યારે હંમેશાં નિયમાનુસાર પાઠ કરે છે તેને કોઈ દિવસ યમરાજા શિક્ષા કરતો નથી.

૪૭. અનેકરૂપ હોવા છતાં એના મૂળ સ્વરૂપમાં કોઈ ફેર પડતો નથી. એને ભજવાથી માયાનો રંગ નડતો નથી. (માયા ત્રાસ આપતી નથી.)

૪૮. હજારો નામ હોવા છતાં એ નામી દિગંબર દત્ત તો એક જ છે અને છેક અસંગ (નિર્લેપ) છે.

૪૯. હું તને વારંવાર વંદન કરું છું. ખરેખર! આ વેદો તારા શ્વાસમાંથી પ્રગટ થયા છે.

૫૦. જ્યાં વર્ણન કરતાં શેષ ભગવાન પણ થાકી જાય ત્યાં જેણે અનેક જન્મો લીધા છે એવા મારા જેવા રાંકનું તો શું ગજું?

૫૧. અનુભવના પરિપાકરૂપ આ વાણીને જે હસી નાંખશે તે માયાનો માર ખાશે.

૫૨. હે તપસી! એ દેવ તે (તત્) તું (ત્વમ્) છે (અસિ). બધા શ્રીગુરુદેવની જય જય બોલો. (જય જયકાર કરો.)

□ □ □

# અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત

(મંદિરિયે અજવાળા હો રંગ તારા... એ રાહ)

ગુરુલીલામૃત પાનારા, ઓ રંગ ગુરુ !
એ... તમે જન્મમરણ ટાળનારા... ઓ રંગ

અત્ર્યનસૂયાના ગયા'તા બારણે,
ગયા'તા બારણે ને ઝૂલ્યા'તા પારણે,
એ... તમે દત્તલીલાને ગાનારા... ઓ રંગ

કરી નિમિત્ત તમે શક્તિના ગર્વને,
ચાલ્યા વધારવા સતી ગૌરવને,
એ... તમે ભિક્ષાને કાજ જાનારા ... ઓ રંગ ગુરુ

અંબરિષને કાજ શાપ સ્વીકાર્યો શ્રીહરિ,
પ્રગટ્યો અવની પરે તું વિધવિધ અવતાર ધરી,
એ... તને ભક્તો સૌ પ્રાણથી પ્યારા ... ઓ રંગ ગુરુ

જગકારણ, તારણ ને મારણ પણ રંગ તમે,
નિશ્ચિત એ વાત રંગ તુજ વિણ ના કાંઈ ગમે,
એ... ''ગણુ પાપી''ને તમે તારનારા ... ઓ રંગ ગુરુ

●

# આરતી

જય અનસૂયામા ! મા જય અનસૂયા મા!
વેદ પુરાણો શાસ્ત્રો ગાયે તુજ મહિમા...જય..

કર્દમ-દેવહૂતિની તનયા, અત્રિની જાયા,
કપિલ મુનિની ભગિની, નિર્મળ તુજ કાયા...જય..

એકનિષ્ઠ પતિભક્તિ કીધી અતિથિની સેવા,
તપ કીધું સંગમ પર એરંડી-રેવા...જય..

ત્રણે દેવીની હઠથી દેવો આવ્યા આશ્રમ-દ્વાર,
'ભિક્ષા નગ્ન થઈને આપો' એવો કર્યો પોકાર..જય..

સંકલ્પોદક છાંટી દેવ કીધાં તે બાળ,
ઝૂલાવ્યા પારણિયે લીધું સુખ અપાર...જય..

દત્ત, ચંદ્ર, દુર્વાસા નામે દેવો જન્મ ધરે.
અનસૂયાની કુખે, જન્મ સફળ કરે...જય..

શાંડિલીપતિ કૌશિક શબમાં સતી પૂર્યાં તે પ્રાણ,
**'પાપીગણુ'** સતી તારા ગાયે છે ગુણગાન...

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

•